અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ જુલાઈ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૨ | અંક : ૩૫૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઉત્તરાખંડ, એમપી અને યુપીની યોગી સરકારને સુપ્રીમે ફટકારી નોટિસ

# દુકાનદારોની ઓળખ જાહેર કરવાના નિયમ પર સુપ્રીમ કોર્ટની રોક

## સુપ્રીમે યોગી સરકારના આ ફરમાન પર વચગાળાની રોક લગાવતાં કહ્યું છે કે, કોઈ દુકાનદારે તેમની દુકાન કે લારી ગલ્લાં બહાર નેમ પ્લેટ લગાવવાની જરૂર નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

યોગી સરકાર દ્વારા તાજેતરમાં એક આદેશ આપવામાં આવ્યો હતો કે, તમામ દુકાનદારો ભલે પછી કે મહેન્દ્ર હોય કે મોહસીન હોય તેમણે પોતાની દુકાન, લારી-ગલ્લાં કે સંસ્થાની બહાર તેમનું નેમ પ્લેટ લગાવવી પડશે. આ આદેશ ખાસ કરીને મુજફ્ફરનગરમાં કાંવડ યાત્રાના રૂટમાં આવતા ધંધાર્થીઓ માટે હતો પરંતુ પછીથી સમગ્ર ઉત્તર પ્રદેશમાં આ રીતે આદેશ લાગુ કરવામાં આવ્યો. જેને લઈને ભારે વિવાદ થયો અને આખરે આ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો. જ્યાંથી યોગી સરકારને મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે હવે યોગી સરકારના આ ફરમાન પર વચગાળાની રોક લગાવતાં કહ્યું છે કે, કોઈ દુકાનદારે તેમની દુકાન કે લારી ગલ્લાં બહાર નેમ પ્લેટ લગાવવાની જરૂર નથી. તેઓ પોતાની ઓળખ જાહેર ન કરે. તમારે નામ નહીં બસ ભોજનની ઓળખ બતાવવી જરૂરી છે. આ સાથે મધ્યપ્રદેશ, યુપી અને ઉત્તરાખંડની સરકારને નોટિસ પણ ફટકારી હતી.' આ મામલામાં આગામી સુનાવણી ૨૬મી જુલાઈના રોજ થશે. સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ હેઠળ એવું કહેવામાં આવ્યું છે કે દુકાનોના માલિકો અને કર્મચારીઓને તેમના નામ લખવા માટે દબાણ ન કરવું જોઈએ. નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશ સરકારના આદેશને એનજીઓ એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ કેસમાં જસ્ટિસ હૃષિકેશ રાય અને જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટીની બેન્ચે સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન પૂછ્યું કે, 'શું આ પ્રેસ સ્ટેટમેન્ટ છે કે આદેશ. અરજદારના વકીલે સી.યુ. સિંહે કહ્યું કે, 'ઉત્તર પ્રદેશના જિલ્લા વહીવટીતંત્ર દુકાનદારો પર તેમના નામ અને મોબાઈલ નંબર દર્શાવવા માટે દબાણ કરી રહ્યું છે. કોઈ કાયદો પોલીસને આ કરવાનો અધિકાર આપ તો નથી. કેવા પ્રકારનું ભોજન પીરસવામાં આવે છે તે તપાસવાની સત્તા માત્ર પોલીસ પાસે છે. દુકાનદાર અથવા તેના માલિકનું નામ ફરજિયાત બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કાવડ યાત્રા રૂટ પરના ભોજનાલયોને માલિકો અને કર્મચારીઓના નામ પ્રદર્શિત કરવા માટે નિર્દેશિત કરતા વિવાદાસ્પદ ઉત્તર પ્રદેશ સરકારના આદેશ પર શુક્રવાર સુધી સ્ટે મૂક્યો છે. AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસી - જેમણે દાવો કર્યો છે કે આ પગલું મુસ્લિમ માલિકીની દુકાનમાંથી તીર્થયાત્રી ખરીદે નહીં તેની ખાતરી કરવા માટે છે.





### દુકાનદારે તેમની દુકાન કે લારી ગલ્લાં બહાર નેમ પ્લેટ લગાવવાની જરૂર નથી

**એનજીઓ એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સે ઉત્તર પ્રદેશ સરકારના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સોમવારે જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ એસવીએન ભાટીની બેન્ચે આ અંગે સુનાવણી કરી હતી. કેસની સુનાવણી દરમિયાન એનજીઓ તરફથી હાજર રહેલા વકીલ સીયુ સિંહે કહ્યું કે યુપી સરકારના આ નિર્ણયનો કોઈ કાયદાકીય અધિકાર નથી. આવું પહેલા ક્યારેય બન્યું નથી. કોઈ કાયદો પોલીસ કમિશનરને આવી સત્તા આપતો નથી. રસ્તાની બાજુમાં આવેલી ચાની દુકાન અથવા સ્ટ્રીટ વેન્ડર્સ દ્વારા આવી નેમ પ્લેટ લગાવવાનો ઓર્ડર આપવાથી કોઈ ફાયદો થશે નહીં.**

### દેશના લોકોને નાણા મંત્રી પાસેથી અનેક આશા

## નાણામંત્રી નિર્મલા સીતારમણ સાતમી વખત બજેટ રજૂ કરશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પહેલા બજેટમાં મધ્યમ વર્ગને ટેક્સમાં છૂટની ભેટ મળે તેવી આશા છે. તો નોકરિયાત વર્ગને આશા છેકે નાણામંત્રી આ વખતના બજેટમાં ઈન્કમ ટેક્સમાં ઘટાડા તરીકે મોટી રાહત આપી શકે છે ત્યારે નાણા મંત્રી નિર્મલા સીતારમણ પાસે દેશના લોકોની ઘણી આશા-અપેક્ષાઓ રહેલી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈએ સતત સાતમી વખત બજેટ રજૂ કરશે. આ બજેટ રજૂ કરતાંની સાથે જ નિર્મલા સીતારમણ પહેલાં મહિલા નાણામંત્રી બની જશે. આ રેકોર્ડ બનાવવાના માર્ગમાં નાણા મંત્રી સામે એવું બજેટ કરવાનો પડકાર છે, જે મોંઘવારી અને બેરોજગારી જેવી સમસ્યાને ઘટાડી શકે. સાથે જ ઈકોનોમીની સ્પીડમાં પણ તેજી લાવવાનું કામ કરે. આ વખતના બજેટમાં મધ્યમ વર્ગને ખુશ કરવા માટે ટેક્સમાં છૂટ આપી શકે છે. ઈન્કમટેક્સની મર્યાદાને ૫ લાખ રૂપિયા સુધી કરી શકે છે. સાથે જ ટેક્સ સ્લેબમાં છૂટછાટ આપીને દરેક વર્ગને રાહત આપી શકે છે. આ સમસ્યાનું સમાધાન કરીને મોદી સરકાર બીજા અનેક સેક્ટરને પણ મદદ કરશે. કેમ કેમ FMCGથી લઈને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સુધી તમામ ગ્રામીણ બજારો પર નિર્ભર છે. આવી જ રીતે ખેતીના ક્ષેત્રમાં પણ અનેક વિકાસલક્ષી યોજનાઓ જાહેર થઈ શકે છે. ખેડૂતોને ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય મળે તે માટે MSPની ખામીઓ દૂર કરી શકે છે. ઉત્પાદનની સરકારી ખરીદી કુલ ઉપજની માત્ર ૬ ટકા જ છે. કૃષિ બજારો અને ગ્રામ હાટ જેવી વૈકલ્પિક સિસ્ટમ તૈયાર કરી શકે છે. આવી સિસ્ટમથી ખેડૂતોને MSP જેટલી કિંમત મળી શકે છે. PM કિસાન સન્માન નિધિની રકમને ૬૦૦૦થી વધારીને ૮૦૦૦ કરવામાં આવી શકે છે. આયુષ્માન ભારતનું કવરેજ વધારવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજનાનો વિસ્તાર કરવામાં આવશે. મનરેગા-રોડ નિર્માણ માટે વધારે રકમ આપવામાં આવી શકે છે. લોકસભાની ચૂંટણીમાં યુવાઓ માટે રોજગાર પણ સૌથી મોટો મુદ્દો હતો. એવામાં સરકાર આ બજેટમાં યુવાઓ પર ખાસ ધ્યાન આપી શકે છે તો રિયલ એસ્ટેટમાં પણ મોટી રાહત મળી શકે છે.

### ન્યૂઝ બ્રિફ

## બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવા કેન્દ્ર સરકારનો ઈનકાર



।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને કેન્દ્ર સરકારને મોટો ઝટકો આપ્યો છે. ખરેખર બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ બાબતે એક મોટું અપડેટ સામે આવ્યું છે. લોકસભામાં બજેટ સત્ર દરમિયાન કેન્દ્ર સરકારના નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપ વા શક્ય જ નથી. મંત્રીએ કહ્યું કે વિશેષ રાજ્યના દરજ્જા માટે જે જોગવાઈ પૂરી કરવાની હોય છે તે બિહારમાં નથી. ઉલ્લેખનીય છે કે ગત અનેક વર્ષોથી બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ થતી રહી છે. હાલમાં જ દિલ્હીમાં સર્વપક્ષીય બેઠકમાં જેડીયુના રાજ્યસભા સાંસદ સંજય ઝાએ બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ કરી હતી.

### ચોમાસુ સત્ર પહેલા પીએમનું સંબોધન । આ બજેટ અમૃતકાલનું મહત્ત્વનું બજેટ : પીએમ

## જેટલી લડાઈ લડવી હતી તે લડી લીધી, હવે માત્ર દેશ માટે કામ કરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. આ ક્રમમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ મંગળવારે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. આ સત્ર દરમિયાન વિપક્ષ પણ NEET પેપર લીક અને રેલ સુરક્ષા જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યું છે. સંસદ સત્રની શરૂઆત પહેલા મીડિયા સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે 'હું તેને ભારતના લોકોના ગૌરવની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન તરીકે જોઉં છું. મારા માટે અંગત રીતે અને અમારા તમામ સાથીદારો માટે એ ખૂબ જ ગર્વની વાત છે કે લગભગ ૬૦ વર્ષ પછી એક સરકાર ત્રીજી વખત સત્તામાં આવી છે અને ત્રીજી ઈનિંગનું પહેલું બજેટ રજૂ કરવાનો લહાવો મળ્યો છે, આ ગૌરવપૂર્ણ ભાગ છે. ગૌરવ યાત્રાને એક ઘટના તરીકે જોવામાં આવી રહી છે. આ બજેટ અમૃતકાલનું મહત્ત્વનું બજેટ છે, આપણને પાંચ વર્ષની તક મળી છે, આજનું બજેટ આપણા પાંચ વર્ષના કામની દિશા પણ નક્કી કરશે અને ૨૦૪૭ સુધીમાં આપણું વિકસિત ભારતનું સ્વપ્ન, આ બજેટ એ સપનાનો પાયો મજબૂત કરશે. દરેક નાગરિક માટે ગર્વની વાત છે કે વિશાળ અર્થતંત્ર ધરાવતા દેશોમાં ભારત સૌથી ઝડપથી વિકસતો દેશ છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમે સતત ૮ ટકાના વિકાસ દરે આગળ વધી રહ્યા છીએ. આજે, ભારત વિશે સકારાત્મકતા વધી રહી છે, રોકાણ તેની ટોચ પર છે, આ પોતે જ ભારતની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વડાપ્રધાને વિપક્ષને અપીલ કરતાં કહ્યું કે, 'મિત્રો, હું વિનંતી કરું છું કે ગત જાન્યુઆરીથી અમે લડવાની જેટલી તાકાત હતી તેટલી તાકાતથી લડ્યા છીએ, જે કહેવું હતું તે કહી દીધું છે, પરંતુ હવે જ્યારે રાઉન્ડ પૂરો થયો છે, ત્યારે દેશવાસીઓએ પોતાનો નિર્ણય આપી દીધો છે. હવે તમામ ચૂંટાયેલા સાંસદોની અને તમામ રાજકીય પક્ષોની જવાબદારી છે કે આવનારા પાંચ વર્ષ આપણે દેશ માટે લડવાનું છે, એક ઉમદા વ્યક્તિ તરીકે લડવાનું છે.



## સેનાના રિટાયર્ડ સુબેદારે પોતાના પરિવારના ૫ લોકોની કરી હત્યા

। હરિયાણા, તા.૨૨ ।

હરિયાણાના અંબાલામાં ખૂબ દર્દનાક ઘટના સામે આવી છે. ત્યાં સેનાના એક રિટાયર્ડ સુબેદારે પોતાના જ પરિવારના પાંચ લોકોની કથિત રીતે હત્યા કરી દીધી. મૃતકોમાં બે બાળકો પણ સામેલ છે. જાણકારી અનુસાર ઘટના રવિવારે રાતની છે. મૃતકોની ઓળખ ૬૫ વર્ષની માતા સરોપી દેવી, ૩૫ વર્ષના ભાઈ હરીશ કુમાર, હરીશની પત્ની સોનિયા (૩૨ વર્ષ), પુત્રી યશિકા (૫ વર્ષ) અને ૬ મહિનાના પુત્ર મયંક તરીકે કરવામાં આવી છે.

### બજેટમાં થઈ શકે છે સૌથી મોટી જાહેરાત

## કેન્દ્રીય કર્મચારીઓ માટે આવતીકાલે મહત્વનો દિવસ

**કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનર્સની મોંઘવારી રાહતનું પેમેન્ટ રોકી દીધુ હતું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કોવિડ મહામારી દરમિયાન કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ૧૮ મહિના માટે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનર્સની મોંઘવારી રાહતનું પેમેન્ટ રોકી દીધુ હતું. હવે આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ ડીએ અને ડીઆર એરિયર કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને મળી શકે છે. મોદી સરકારને ૧૮ મહિનાના ડીએ એરિયર રિલીઝ કરવાનો પ્રસ્તાવ મળ્યો છે અને સંભાવના છે કે સરકાર ૨૩ જુલાઈએ રજૂ થનાર પૂર્ણ બજેટમાં તેની જાહેરાત કરી શકે છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સંયુક્ત સલાહકાર મશીનરી, રાષ્ટ્રીય પરિષદ (કર્મચારી પક્ષ) ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ સરકાર પાસે ૧૮ મહિનાનું રોકવામાં આવેલા બાકી મોંઘવારી ભથ્થાને જારી કરવાનો આગ્રહ કર્યો છે. આ પહેલા ભારતીય પ્રતિરક્ષા મજદૂર સંઘના મહાસચિવ મુકેશ સિંહે પણ કેન્દ્ર સરકાર પાસે પેમેન્ટ રિલીઝ કરવાની માંગ કરી હતી.

## બાઈડન અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી નહીં લડે, પત્ર લખીને કરી જાહેરાત

। (એજન્સી) યુએસ, તા.૨૨ ।

USમાં નવેમ્બરમાં યોજાવવા જઈ રહેલી પ્રેસિડન્ટની ચૂંટણીમાં એક નવો વળાંક આવ્યો છે. યુએસના હાલના પ્રેસિડન્ટ જો બાઈડેને આગામી પ્રમુખપદની ચૂંટણીમાંથી પોતાનું નામ પરત લઈ લીધું છે. તેમણે પત્ર લખીને અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી નહીં લડવા અંગેની માહિતી આપી છે. નોંધનીય છે કે ચૂંટણી પ્રચાર દરમિયાન ઘણી એવી ઘટનાઓ બની હતી, જેને લઈને બાઈડનની હેલ્થ પર સવાલો સર્જાયા હતા. એક પ્રસંગ તો એવો બન્યો કે ટ્રમ્પ સાથેની ડિબેટમાં તેઓ ઉંઘી ગયા હતા. જોકે આ પ્રસંગને કારણે ટ્રમ્પ મજબૂત દાવેદાર બનીને ઉભરી આવ્યા હતા. થોડા દિવસો અગાઉ એક એવી ઘટના બની કે મંચ પર હાજર કોઈ અન્ય મહિલાને બાઈડેન તેમની પત્ની ઝીલ સમજી બેઠા અને તેને કીસ કરવા આગળ વધી ગયા હતા. આ ઘટના બની ત્યારે તેમની પત્ની તરત જ દોડી આવ્યા હતા અને તેમને અટકાવ્યા હતા.

## સાંસદે વીડિયો રજૂ કરી કમલા હેરિસને હિલેરી ક્લિન્ટનની નોકરાણી ગણાવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી જો બાઈડેન દૂર થઈ ગયા છે. જો બાઈડેને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કમલા હેરિસને સમર્થન આપ્યું છે. જો કે ડેમોક્રેટ્સ દ્વારા કમલા હેરિસના નામને હજુ સુધી સત્તાવાર મંજૂરી આપવામાં આવી નથી. બીજી બાજુ અમેરિકાના પ્રથમ હિન્દુ સાંસદ તુલસી ગબાર્ડે કમલા હેરિસ અંગે સનસનાટીભર્યો દાવો કરીને હલચલ મચાવી દીધી છે. તુલસીએ વીડિયો રજૂ કરી કમલા હેરિસને હિલેરી ક્લિન્ટનની નોકરાણી ગણાવી છે. પૂર્વ કોંગ્રેસ વુમન તુલસી ગબાર્ડે કમાલ હેરિસની ઉમેદવારીના અહેવાલો અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, જો કમલા રાષ્ટ્રપતિ બની તો તે અમેરિકા માટે અત્યંત ખતરનાક ગણાશે. ગબાર્ડનું માનવુ છે કે, કમલા હેરિસ રાષ્ટ્રપતિ અને સેના પ્રમુખ બનવા લાયક નથી. તેનું નેતૃત્વ અમેરિકા માટે ભયાવહ સાબિત થશે. તુલસી ગબાર્ડે ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપવાની જાહેરાત કરી છે.

### Old Pension Scheme પર આવ્યું મોટું અપડેટ

## જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ થશે કે નહીં?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

જૂની પેન્શન યોજના અંગે ફરીથી એકવાર સરકાર તરફથી સદનમાં નિવેદન આવ્યું છે. સોમવારે બજેટ સત્રની શરૂઆત થઈ. સત્રના પહેલા દિવસે સોલાપુરથી કોંગ્રેસ લોકસભા સાંસદ પ્રણતિ સુશીલકુમાર શિંદેએ જૂની પેન્શન સ્કીમ અંગે સવાલ કર્યો. આ સાથે જ તેમણે અસંગઠિત ક્ષેત્રના કામદારોને ૨૦૧૩ બાદથી ઉપલબ્ધ કરાયેલા પેન્શનનો રાજ્યવાર ડેટા પણ સદનમાં ઉપલબ્ધ કરાવવા જણાવ્યું. લોકસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આ સવાલોના લેખિતમાં જવાબ આપ્યા. લોકસભા સાંસદ પ્રણિતિ શિંદેએ સવાલ પૂછ્યો કે શું સરકાર જૂની પેન્શન યોજના લાગૂ કરવાનો વિચાર ધરાવે છે, જો હા તો ૧ જાન્યુઆરી ૨૦૦૪ બાદ સેવામાં આવેલા તમામ લોકો માટે તેને ક્યાં સુધીમાં લાગૂ કરવાની શક્યતા છે? જેના જવાબમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું કે કેન્દ્રીય સરકારી કર્મચારીઓના સંબંધમાં જૂની પેન્શન યોજનાને બહાલ કરવા માટે હાલ ભારત સરકાર પાસે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. સાંસદ પ્રણિતિ શિંદેએ પૂછ્યું કે શું સરકાર પાસે ૨૦૧૩થી અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને અપાયેલા પેન્શનના રાજ્યવાર કોઈ આંકડા છે? જેના જવાબમાં નાણા રાજ્યમંત્રીએ કહ્યું કે ગરીબો, વંચિતો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને સોશિયલ સિક્યુરિટી માટે ૨૦૧૫માં અટલ પેન્શન યોજના (APY) શરૂ કરવામાં આવી છે. બેંક કે પોસ્ટ ઓફિસમાં બચત ખાતાવાળા ૧૮-૪૦ વર્ષની આયુના તમામ ભારતીયો આ એકાઉન્ટ ખોલાવી શકે છે.

### મુંબઈમાં વધુ એક હિટ એન્ડ રનની બની ઘટના

## ઓડી કારે ૨ ઓટોને મારી ટક્કર, ડ્રાઈવર સહિત ૪ ઘાયલ

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મુંબઈમાં ૨૨ જુલાઈ વધુ એક ઝડપી ઓડી કારે બે ઓટો રિક્ષાને ટક્કર મારી છે. આ ઘટનામાં ઓટો રીક્ષા ચાલક અને બે મુસાફરોને ઈજા થઈ હતી. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઓટો રિક્ષા ચાલકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ ઓડી ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતની નોંધ લેતા મુલુંડ પોલીસે આરોપીની કાર કબજે કરી કેસની તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં ઓટો રિક્ષા અને કાર બંનેને નુકસાન થયું છે.૭ જુલાઈના રોજ થયેલા એક માર્ગ અકસ્માતમાં વરલીના એની બેસન્ટ રોડ પર એક BMW કારે સ્કૂટર પર સવાર યુગલને ટક્કર મારી હતી અને સ્કૂટર પર સવાર મહિલાને લગભગ દોઢ કિલોમીટર સુધી રસ્તા પર ખેંચી હતી.

### જમ્મુમાં ફરી આતંકી હુમલો

## રાજૌરી આર્મી કેમ્પ ઉપર આતંકીઓએ ગોળીબાર કર્યો

। (એજન્સી) રાજૌરી, તા.૨૨ ।

રાજૌરીના ખવાસ વિસ્તારમાં આતંકીઓએ આર્મી કેમ્પ પર હુમલો કર્યો છે. આતંકીઓએ આર્મી કેમ્પ પર જોરદાર ગોળીબાર કર્યો છે. ગોળીઓનો અવાજ સાંભળીને ગામલોકો પણ ઘરની બહાર આવી ગયા હતા. આતંકી હુમલામાં સેનાના કેટલાક જવાનો ઘાયલ થયાના સમાચાર છે. સેના અને પોલીસે વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો. રાજૌરીના SSP અને SOG એટલે કે પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટના અંગે માહિતી આપતાં સંરક્ષણ પ્રવક્તા કર્નલ સુનિલ બારતવાલે કહ્યું કે, સેનાએ રાજૌરીથી દૂર એક ગામમાં આર્મી પોસ્ટ પર આતંકવાદીઓના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો. આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર હજુ પણ ચાલુ છે. વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને આતંકીઓની શોધખોળ ચાલુ છે. સોમવારે વહેલી સવારે રાજૌરીના ગુંધા વિસ્તારમાં એક સુરક્ષા ચોકી પર શંકાસ્પદ આતંકવાદીઓએ ગોળીબાર કર્યા બાદ સુરક્ષા દળોએ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સત્તાવાર સૂત્રોને ટાંકીને સમાચારમાં કહેવામાં આવ્યું છે કે, ગોળીબાર સવારે લગભગ ૪ વાગે થયો હતો, ત્યારબાદ સુરક્ષા જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. ૧૯ જુલાઈના રોજ, જમ્મુ અને કાશ્મીરના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યો હતો.

ન્યૂઝ બ્રિફ

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૯ તાલુકામાં વરસાદ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

મેઘરાજાનું આ વર્ષે રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં દ્વારકામાં સૌથી વધુ ૬ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે જુનાગઢમાં ૫ ઈંચ, વેરાવળમાં ૪ ઈંચથી વધુ, તલાલામાં ૪ ઈંચ, વંથલીમાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ અનુસાર, રવિવારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડમાં વરસાદનું રેડ એલર્ટ છે. રાજકોટ, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને સુરતમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભરૂચ, તાપી, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, અરવલ્લીમાં યલો એલર્ટ કરાયું હતું. ૨૨મી જુલાઈએ અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, ડાંગ, વલસાડમાં વરસાદનું રેડ એલર્ટ છે. પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, ભરૂચ, નર્મદા, તાપીમાં ઓરેન્જ એલર્ટ છે. રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરમાં યલો એલર્ટ છે.

### કોરોના બાદ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી હાહાકાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

કાળમુખા કોરોના બાદ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી હાહાકાર મચ્યો છે. ચાંદીપુરા વાયરસથી કુલ ૨૭ બાળકોનાં મોત થયા હોવાનું આંકડા પરથી સાબિત થયું છે. એટલું જ નહીં, રાજ્યમાં કુલ ચાંદીપુરા વાયરસના ૭૧ શંકાસ્પદ કેસ પણ નોંધાયા છે. જેના કારણે આરોગ્ય ટીમ કામે લાગી છે. વાયરલ એક્કેફેલાઈટીસના સૌથી વધુ પંચમહાલમાં ૧૧ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જ્યારે સાબરકાંઠામાં ૮ શંકાસ્પદ કેસો નોંધાયા છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસ સતત વધી રહ્યા છે. આ વાયરસથી ઘણા બાળકોના મોત પણ થયા છે. આ વાયરસ બાળકોમાં વધુ ફેલાય છે. આ વાયરસના કેસો પહેલા ગુજરાતમાં ફેલાયા હતાં, હવે તે અન્ય રાજ્યમાં પણ ફેલાય રહ્યા છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો વાયરલ એક્કેફેલાઈટીસના કુલ ૭૧ કેસ નોંધાયા છે.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું

# ગુજરાતના એક વરિષ્ઠ IAS અધિકારીની પત્નીએ ઝેર ખાઈને આત્મહત્યા કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતના એક વરિષ્ઠ IAS અધિકારીની પત્નીએ શનિવારે ઝેર પી લીધું હતું, જે બાદ તેને બેભાન અવસ્થામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેનું રવિવારે સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.જણાવવામાં આવી રહ્યું છે કે IAS ઓફિસર અને તેમની પત્ની છેલ્લા ઘણા મહિનાઓથી અલગ રહેતા હતા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, IASની પત્ની તમિલનાડુની રહેવાસી હતી અને તે સ્થાનિક ગેંગસ્ટર 'હાઈકોર્ટ મહારાજા' સાથે સંબંધમાં હતી. એટલું જ નહીં તમિલનાડુમાં ૧૪ વર્ષના બાળકના અપહરણમાં પણ તેનું નામ સામેલ હતું. ગેંગસ્ટરે તેના સહયોગી સેંથિલ કુમાર સાથે મળીને ૧૧ જુલાઈએ બાળકનું અપહરણ કર્યું હતું અને ૨ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. જોકે પોલીસે બાળકને બચાવી લીધો હતો. ત્યારથી પોલીસ IASની પત્ની સૂર્યાને પણ શોધી રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, લગભગ નવ મહિના પહેલા સૂર્યાએ તેના IAS પતિને છોડી દીધો હતો અને તે એક ગેંગસ્ટર સાથે સંબંધમાં હતો. મૃતક છેલ્લા આઠ મહિનાથી ગુજરાતમાં નહોતો. અહીં IASએ પત્નીને છૂટાછેડા આપવાની વાત કરી હતી. આટલું જ નહીં જ્યારે તે તેના પતિના ઘરે પહોંચી તો તેણે ઘરમાં પ્રવેશવાની ના પાડી દીધી. આ પછી મહિલાએ ઘરની બહાર ઝેર પી લીધું હતું અને હવે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે.સૂર્યાબેનના મૃત્યુ અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, આત્મહત્યા કરતા પહેલા સૂર્યાબેને એક ચિઠ્ઠી લખી હતી જેમાં તમિલનાડુમાં તેમની સાથે થયેલા વિશ્વાસઘાત વિશે લખ્યું હતું. તેણીએ નવું જીવન શરૂ કરવું હતું પરંતુ તેના પૈસા ક્યાંક અટવાઈ ગયા હતા અને તે પાછા મળવાની કોઈ આશા નહોતી કે તે તેના પતિ પાસે પાછી જઈ શકતી નહોતી. પોલીસ સૂત્રોનું કહેવું છે કે પત્રમાં તેના પતિ પર કોઈ આક્ષેપો કરવામાં આવ્યા નથી.મળતી માહિતી મુજબ, વરિષ્ઠ IAS રણજીત કુમાર ૨૦૦૫ બેચના અધિકારી છે. તેની પત્નીએ શનિવારે ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. IAS રણજીત કુમાર ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)માં સેક્રેટરી તરીકે કામ કરે છે અને પતિ-પત્ની વચ્ચે ઘણા સમયથી અણબનાવ હતો.

વધુ ચાર દર્દીઓ મળ્યા

## બનાસકાંઠામાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી બેના મોતથી ફફડાટ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૨ ।

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ સતત વધી રહ્યા છે. જેમાં અત્યાર સુધી ૨૦થી વધુ જિલ્લામાં ચાંદીપુરા વાયરસે પગપેસારો કર્યો છે. આ દરમિયાન બનાસકાંઠામાં શંકાસ્પદ ચાંદીપુરા કેસથી બેના મોત થયા છે. ડીસા અને પાલનપુરના બે દર્દીઓના મોત થયા હતા. આ ઉપરાંત સુઈગામ, દાંતીવાડા, ડીસા, પાલનપુર સહિત કુલ ચાર ચાંદીપુરાના દર્દીઓ મળતા આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. બનાસકાંઠા જિલ્લામાં ચાંદીપુરાથી બે દર્દીના મોતથી હાહાકાર મચી ગયો હતો. વાયરસ વધુ ન ફેલાય તે માટે આજે રવિવારે તમામ આરોગ્ય કર્મચારીઓને સ્ટેન્ડ ટુ મોડમાં ફરજ પર હાજર રહી, સર્વે કરવા કરાયો આદેશ કરવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લામાં ચાંદીપુરા રોગને લઈ અને આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સંતરામપુર તાલુકામાંથી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ૧૭ માખીઓ પકડી પાડવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો વાળા બે કેસ સામે આવ્યા હતા અને બંને બાળકીઓના સારવાર દરમિયાન મોત થયા હતા. અલગ અલગ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા ટીમો બનાવી કામગીરી કરવામાં આવી રહી છે. સંતરામપુર તાલુકામાંથી શંકાસ્પદ માખીઓને આરોગ્ય વિભાગ દ્વારા પકડીને ડસ્ટીંગ સહિતની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સુરતના સચિન વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષની બાળકીમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના લક્ષણો જણાતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. જોકે, સુરતમાં આ પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્યતંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. આ બાળકીમાં ચાંદીપુરા વાઈરસના લક્ષણો જાણતા તેના સેમ્પલને ગાંધીનગર અને પુના ખાતેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. સુરતમાં આ શંકાસ્પદ ચાંદીપુરા પહેલો કેસ નોંધાયો છે. જેને લીધે આરોગ્ય વિભાગમાં ફફડાટ સાથે અધિકારી અને કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ છે. ચાંદીપુરા વાયરસથી પીડિત વ્યક્તિને તાવ આવે છે અને તેના લક્ષણો ફ્લૂ અને તીવ્ર એન્સેફાલીટીસ (મગજની બળતરા) જેવા છે. તે મચ્છર, લોહી ચૂસનાર જંતુઓ અને સેન્ડફલાય જેવા વાહકો (જંતુઓ) દ્વારા ફેલાય છે.

ઉમરગામમાં ૮.૨ ઇંચ વરસાદ ખાબક્યો

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ ઉમરગામમાં વરસાદ ખાબક્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ૮.૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત કામરેજ અને પલસાણામાં ૬.૪ ઈંચ વરસાદ નોંધાયો હતો તો સુરત શહેરમાં ૫.૮ ઈંચ, નીઝરમાં ૫.૬ ઈંચ, મહુવામાં ૫.૫ ઈંચ અને નવસારીમાં ૪.૯ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ગણદેવી, પાટણ-વેરાવળ, બારડોલી, ઓલપાડ, પારડી અને અંકલેશ્વરમાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ ખાબક્યો છે. ગીર સોમનાથમાં સતત પાંચમાં દિવસે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ગીર ગઢડામાં બે કલાકમાં ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. ઉપલેટાના મજેઠી, લાઠ, ભીમોરા, કુઢેચ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ વરસ્યો છે. લાઠ ગામમાં જતો કોઝ-વે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. લાઠ ગામમાં બે કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા રસ્તાઓ પર નદી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ધોધમાર વરસાદના કારણે સમગ્ર લાઠ ગામમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. ભારે વરસાદથી ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે સોમવારે ગીર સોમનાથ, દીવ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરતમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

## ભાવનગર ખાતે શાળા, ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૨ ।

કાંકરેજ તાલુકાના ભાવનગર પ્રાથમિક શાળામાં શાળા તથા ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ ધારાસભ્ય અમૃતજી ઠાકોરની અધ્યક્ષતામાં યોજાયો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા,ભરતભાઈ ચૌધરી ટીપીઈ ઓ કાંકરેજ, તાલુકા ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, અણદા ભાઈ પટેલ પૂર્વ ચેરમેન માર્કેટ યાર્ડ થરા, ડેલિગેટ પુરણસિંહ વાઘેલા, મુકેશસિંહવાઘેલા,બાબુભાઈ પટેલ તેમજ પદાધિકારીશ્રી ઓ અને અધિકારીઓની ઉપસ્થિતિ માં ગામના વડીલો યુવા મિત્રો, શાળા વિદ્યાર્થી ઓ દ્વારા ભાવનગર પ્રાથમિક શાળાના મેદાનમાં વૃક્ષોની પ્રાણ પ્રતિષ્ઠા કરી પર્યાવરણ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

૮૧૦.૯૫ કરોડ રૂપિયા રાજ્ય સરકારે ફાળવ્યા

## ચોમાસુ પૂરું થતાની સાથે જ રાજ્યમાં ચાલુ થઈ જશે કામ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમિયાન થતું નુકસાન નિવારી આવા રસ્તાઓના રિસરફેસીંગ તથા રીપેરીંગ માટે કુલ રૂ. ૧૦૦ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. નગરો-શહેરોમા વસવાટ કરતાં લોકોને સારા રસ્તાની સુવિધા સાથે માર્ગ સલામતી મળે અને ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય એવો જનહિત ઉદ્દેશ્ય મુખ્યમંત્રીએ આ નાણાં ફાળવણીમાં રાખ્યો છે. રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે શહેરો, નગરોના રસ્તાઓને થયેલું નુકશાન દુરસ્ત કરવા નગરપાલિકાઓ પોતાનું આગોતરું આયોજન અત્યારથી જ હાથ ધરી શકે તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળવણી એડવાન્સમાં કરવાનો અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષે શરૂ કરેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળવ્યા છે. આ અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે શહેરી વિકાસ વિભાગે ૪૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઈઓ કરેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી ચોમાસું પૂરું થયે વહેલી તકે શરૂ થઈ શકે.

મુશળધાર વરસાદના કારણે ખેડૂતો ચિંતિત

## વેરાવળમાં ફરી મેઘરાજાએ કરી જમાવટ, અનેક વિસ્તારો જળમગ્ન

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૨ ।

ગીર સોમનાથ જિલ્લામાં અડધા દિવસના વિરામ બાદ ફરી એકવાર મેઘરાજાની એન્ટ્રી થતા લોકોના જીવ પડીકે બંધાયા છે. વેરાવળ શહેર અને તાલુકામાં આજે વહેલી સવારથી ફરી વરસાદી માહોલ જામ્યો હતો. વેરાવળ શહેરમાં બે કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસી ગયો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સૂત્રાપાડામાં પણ મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. બે કલાકમાં અહીં બે ઈંચ વરસાદ વરસી ગયો છે. વેરાવળ શહેર અને તાલુકાના નાવદ્રા, ઈન્દ્રોય, સોનારીયા સહિતના ગામમાં મુશળધાર વરસાદના કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે. આ તરફ સોમનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં પણ આજે ધોધમાર વરસાદ વરસ્યો છે. થોડા દિવસોમાં પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે શ્રાવણી પર્વ પહેલા જ સોમનાથ મહાદેવ પર જળાભિષેક કરી રહ્યા છે.

આ તરફ ફરી મુશળધાર વરસાદના કારણે વેરાવળના ભાલકા વિસ્તારમાં આવેલું જગવિખ્યાત કૃષ્ણ ભગવાનનું મંદિર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. મંદિર આસપાસની અનેક સોસાયટીમાં કેડસમા પાણી ભરાઈ ગયા હતા. જ્યારે સોમનાથ ટોકીઝ, હુશેન રોડ બેટમાં ફેરવાઈ ગયો હતો. અહીં રોડ-રસ્તા, દુકાનો બધુ જ જળમગ્ન છે. વેરાવળના લીલાશાહનગર સોસાયટીમાં પણ ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતાં.

વિશેષ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલનું વિમોચન

# રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ગૂજરાત વિદ્યાપીઠના ૭૦મા પદવીદાન સમારોહની ગરિમાપૂર્ણ ઉજવણી

। (માહિતી) અમદાવાદ ।

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠના ૭૦ મા પદવીદાન સમારોહમાં ૯૭૨ જેટલા વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પૂજ્ય ગાંધીજીના 'સાદું જીવન-ઉચ્ચ વિચારો'ના સંદેશને અનુરૂપ શુદ્ધ, સાત્વિક અને ઉચ્ચ આદર્શો સાથે જીવન જીવવાની શીખ આપી હતી.





શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, જીવનમાં ક્યાંય પણ જાઓ એવો આચાર, વિચાર અને વ્યવહાર રાખજો કે ગૂજરાત વિદ્યાપીઠનું ગૌરવ વધે. રાષ્ટ્રસેવા, માનવસેવા અને જીવસેવાના ભાવ સાથે, સર્વના કલ્યાણની ભાવના સાથે જીવનમાં ખૂબ પ્રગતિ કરજો. પદવીદાન સમારોહમાં ૩૯ પીએચડી, ૫ એમ. ફિલ., ૪૫૭ અનુસ્નાતક, ૪૨૪ સ્નાતક, ૪૭ પી.જી. ડિપ્લોમા એમ કુલ ૯૭૨ વિદ્યાર્થી ભાઈ બહેનોને ડિગ્રી એનાયત કરાઈ હતી. તૈત્તિરીય ઉપનિષદના ઉપદેશના સંદર્ભ સાથે શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીજી સત્યના આગ્રહી હતા. જીવનમાં હંમેશા સત્યનું આચરણ કરજો. જે હંમેશા સત્યના માર્ગે ચાલે છે તે જ જીવનમાં સ્થાયી સન્માન મેળવે છે. સત્ય જ શાશ્વત છે. સત્ય હંમેશા પ્રેરણા આપે છે. આત્માની શાંતિનો મૂળ આધાર જ સત્ય છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને જીવનમાં હંમેશા ધર્મનું આચરણ કરવાની શિખામણ આપી હતી. તેમણે કહ્યું કે, હિંદુ-મુસ્લિમ જેવા ભેદ એ ધર્મ નથી. ધર્મ એટલે માનવીય સંવેદનાના સ્પંદનની અનુભૂતિ. કર્તવ્યનું પાલન. વ્યક્તિએ સર્વજીવો સાથે સદ્વ્યવહાર રાખીને માતૃધર્મ, પિતૃધર્મ, નાગરિકધર્મ અને રાષ્ટ્રધર્મનું પાલન કરવું જોઈએ. વિદ્યાર્થીઓએ પોતાના જ્ઞાનનો લાભ સમાજના જરૂરિયાતમંદ લોકોને આપવો જોઈએ. પૂજ્ય ગાંધીજી હંમેશા સમાજના છેવાડાના માણસ સુધી લાભ પહોંચાડવાના આગ્રહી રહ્યા. દરેક વિદ્યાર્થીએ સમાજમાં જ્યાં જરૂર છે ત્યાં પોતાના જ્ઞાનનો લાભ પહોંચાડવો જોઈએ. પોતાના માતા-પિતા અને ગુરુજનોનો હંમેશા આદર-સત્કાર-સન્માન કરવું જોઈએ. જ્યાં માતા-પિતા અને ગુરુનું સન્માન થાય છે એ જ સમાજ અને એ જ રાષ્ટ્ર સમૃદ્ધ થાય છે.

પ્રાકૃતિક ખેતી માટે સૌને પ્રેરણા આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આજકાલ આપણી ખેતી હિંસક થઈ ગઈ છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનું કામ જ છે, મારો..મારો.. મારો.. આપણે મિત્ર જીવો અને સૂક્ષ્મ જીવ-જંતુઓને ખતમ કરી રહ્યા છીએ અને એટલે જ આપણે ખતરનાક ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છીએ. આજે પર્યાવરણ બગડી ગયું છે, પાણી અશુદ્ધ છે, ધરતીમાં ઝેરીલી થઈ ગઈ છે. પ્રાકૃતિક ખેતી આ તમામ સમસ્યાઓનો ઉકેલ છે. આપણે સૌ સાથે મળીને પ્રાકૃતિક ખેતી માટે સમાજને પ્રેરિત કરીએ. આ તકે રાજ્યપાલશ્રીએ ગૂજરાત વિદ્યાપીઠના તેજસ્વી અને સકારાત્મક વાતાવરણ માટે કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ અને સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલના હસ્તે ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે પદ્મભૂષણ શ્રીમતી રાજશ્રીબેન બિરલાએ સૌ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, સૌ વિદ્યાર્થીઓએ કલ્પનાશીલ બની પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા સતત પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. કલ્પનાશીલ વ્યક્તિ જ વિકાસના પથ પર આગળ વધે છે. કારણ કે, માનવની પ્રગતિ તેની કલ્પનાશીલતાના આધાર પર થાય છે. મહાત્મા ગાંધીજી વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગાંધીજીના પુરુષાર્થ થકી જ દેશ અહિંસક માર્ગે અંગ્રેજોથી મુક્ત થયો છે. તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, બિરલા પરિવાર વર્ષોથી ગાંધીજીના આદર્શો સાથે જોડાયેલો છે. બિરલા પરિવારન ત્રણ પેઢીથી ગાંધીજીથી પ્રભાવિત થઈ તેમના માર્ગે ચાલી સમાજ નિર્માણના કાર્યમાં સહભાગી થયો છે. અંતમાં તેમણે સૌ વિદ્યાર્થીઓને ગાંધીજીના વિચારો અને આદર્શોને જીવનમાં સ્થાન આપી આગળ વધવા કહ્યું હતું. આ પ્રસંગે નેશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, અલ્હાબાદ યુનિવર્સિટીના કુલાધિપતિ તથા યુજીસીના સભ્યશ્રી આશિષ ચૌહાણે જણાવ્યું હતું કે, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાઈ રહેલા ૭૦મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહીને આનંદની લાગણી અનુભવું છું. ગુજરાત વિદ્યાપીઠ એ ૧૦૫ વર્ષથી ગાંધીજીના વિચાર સાથે સંકળાયેલી અને તેના મૂલ્યો આધારિત ચાલનારી એક વિશાળ સંસ્થા છે. તેમણે ગૌરવપૂર્વક કહ્યું કે, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મોરારજીભાઈ દેસાઈ જેવા દેશના મહાન ઘડવૈયાઓએ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે સેવાઓ આપી છે. વધુમાં તેમણે કહ્યું કે, ગાંધી ભારતીય પરંપરાને અનુસરી મોહનદાસમાંથી મહાત્મા બન્યા. શ્રી આશિષ ચૌહાણે કહ્યું કે, ગાંધીજીના આદર્શ અને નૈતિક મૂલ્યો આપણા માટે પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક છે. પોતાના વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, હું વર્ષોથી ગાંધીજીની વિચારધારા સાથે જોડાયેલો છું. તેમણે વધુ ઉમેર્યું હતું કે, આપણને ખરા અર્થમાં સ્વાવલંબી બનતાં ગાંધીજીએ શીખવ્યું.

આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ .હર્ષદ પટેલે સ્વાગત ઉદબોધન કરી સૌને આવકાર્યા હતા. કુલપતિશ્રીએ કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠે સમયની સાથે નહિ પણ સમયથી આગળ ચાલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ અભ્યાસક્રમ તૈયાર કર્યો. આ વર્ષે ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ લેવા માટે 'ગીતા' પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીતામાં આવતા ૧૮ અધ્યાયોની જેમ ૧૮ રાજ્યોના વિદ્યાર્થીઓએ આ વખતે વિદ્યાપીઠમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ લીધો છે. તેમણે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે કરાઈ રહેલી કામગીરી વિસ્તૃત જણાવી હતી અને વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમણે ગૌરવપૂર્ણ જણાવ્યું હતું કે, ગૂજરાત વિદ્યાપીઠ તેના ભવ્ય અને ઐતિહાસિક વારસાની જાળવણી સાથે આગળ વધી રહી છે.

આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના સમગ્ર ટ્રસ્ટી મંડળ અને અધ્યાપકો, વાલીઓ, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ન્યૂઝ બ્રિફ

## એક મહિલા કોઈ પણ પ્રકારના અપરાધ વિના ૪૩ વર્ષ જેલમાં રહી!

। (એજન્સી) વોશિંગટન, તા.૨૨ ।

ગુનેગારોને સજા કરવી એ સારી બાબત છે. પરંતુ કોઈપણ ગુના કર્યા વિના જેલમાં તમારું અડધું જીવન વિતાવવું એ ભયાનક અનુભવથી ઓછું નથી. આ શ્રેણીમાં એક નામ છે સાન્દ્રા હેમનું. ૬૪ વર્ષની સાન્દ્રા ૪૩ વર્ષથી જેલના સળિયા પાછળ હતી. તે પણ એવા ગુના માટે કે જે તેણે ક્યારેય કર્યો જ નથી. ૨૦ વર્ષની ઉંમરે સાન્દ્રાને હત્યાના કેસમાં દોષી ઠેરવવામાં આવી હતી. કોર્ટે તેને આજીવન કેદની સજા સંભળાવી અને સાન્દ્રાને ૪૩ વર્ષ જેલમાં વિતાવવા પડ્યા. સાન્દ્રા હવે જેલમાંથી મુક્ત થઈ ગઈ છે. અલબત્ત સાન્દ્રા જેલના સળિયા પાછળ નથી પરંતુ તેનો કેસ હજુ તપાસ હેઠળ છે. કોર્ટના જજ રેયાન હોર્સમેને ૧૧૮ પાનાના નિર્ણયમાં ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ સાન્દ્રાને મુક્ત કરવાની મંજૂરી આપી હતી. આ નિર્ણય મુજબ હેમના વકીલ પાસે તેની નિર્દોષતાના પુરાવા છે. કેસની સમીક્ષામાં જાણવા મળ્યું છે કે પોલીસે હત્યા દરમિયાન ઘણા પુરાવાઓની અવગણના કરી હતી. તે પુરાવા તેના અધિકારી માઈકલ હોલમેન તરફ ઈશારો કરી રહ્યા હતા. માઈકલને પાછળથી હત્યાના અન્ય કેસમાં જેલમાં મોકલવામાં આવ્યો હતો અને ૨૦૧૫માં તેનું મૃત્યુ થયું હતું. હોલમેનના ઘરમાંથી જેશ્કેની સોનાની બુટ્ટી પણ મળી આવી હતી.

## જાણીતી ટીવી એક્ટ્રેસ જસ્મીન ભસીનની આંખોને કોર્નિયા ડેમેજ

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મુંબઈની ટીવી એક્ટ્રેસ જસ્મીન ભસીનની કોર્નિયા ડેમેજ થવાના સમાચાર સામે આવ્યા છે. આ પછી તેને તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. જાસ્મીન ભસીનને એક શો દરમિયાન અચાનક આંખોની રોશની જતી રહી હતી અને તેને દેખાતુ બંધ થઈ ગયુ હતું. જસ્મીનની કોર્નિયા ડેમેજ થવાના સમાચાર બહાર આવતા ચાહકો ચિંતાતુર બની ગયા હતા અને તેઓએ સોશિયલ મીડિયા પર જસ્મીન ભસીનની ઝડપથી સાજા થવાની પ્રાર્થના પણ શરૂ કરી હતી. જોકે હવે જાસ્મીનની આંખોની રોશની પાછી આવી ગઈ છે. થોડા સમય પહેલા જસ્મીન ભસીને તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક તસવીર શેર કરી હતી, જેના કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, નાઉ બેટર એન્ડ રિકવર, તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આભાર, જેનો સ્પષ્ટ અર્થ છે કે જસ્મીન ભસીન હવે સ્વસ્થ થઈ રહી છે. પણ એકાએક તેને જોવાનું બંધ થઈ ગયું. તેની કોર્નિયા ડેમેજ થયાના સમાચાર સામે આવ્યા હતા. એવું પણ કહેવામાં આવી રહ્યું હતું કે લેન્સના ઉપયોગને કારણે, તેની કોર્નિયાને નુકસાન થયું.

### સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાણ કરી

# ભારતીય હોકી ટીમના પીઆર શ્રીજેશે ઓલિમ્પિક બાદ નિવૃત્તિ લેવાની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય હોકી ટીમના ખૂબ જ મહત્વના સભ્ય અને અગાઉ ટીમના કેપ્ટન રહી ચૂકેલ ગોલકીપર પીઆર શ્રીજેશે એક મોટી જાહેરાત કરી છે. તેણે એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આગામી પેરિસ ઓલિમ્પિક બાદ નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. પીઆર શ્રીજેશ ભારતનો જ નહીં પણ દુનિયાના સૌથી શ્રેષ્ઠ ગોલકીપર પૈકીનો એક માનવામાં આવે છે. તેની ખોટ ટીમને જરૂર પડશે. હોકીપ્રેમીઓ આ ઓલિમ્પિકમાં પીઆર શ્રીજેશ માટે મેડલ જીતવા 'વિન ઈટ ફોર શ્રીજેશ' એવું કેમ્પેઈન ચલાવી રહ્યા છે. સિનિયર હોકી ગોલકીપર શ્રીજેશને ૩૨૮ આંતરરાષ્ટ્રીય મેચ, ત્રણ ઓલિમ્પિક ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ કપનો અનુભવ છે. આ વખતે તે પોતાનો ચોથો ઓલિમ્પિક ગેમ્સ રમશે. ૨૦૧૦ વર્લ્ડ કપમાં પદાર્પણ કર્યા પછી, શ્રીજેશ ભારત માટે અનેક યાદગાર જીતનો ભાગ રહ્યો છે. તેના કરિઅરની યાદગાર ટુર્નામેન્ટ્સ અને સિદ્ધિઓમાં ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ગોલ્ડ, જકાર્તા-પાલેમ્બાંગમાં બ્રોન્ઝ મેડલ, ૨૦૧૮માં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સંયુક્ત વિજેતા ટીમ એટલે કે ગોલ્ડ મેડલ જીતનો સમાવેશ થાય છે. આ સિવાય ભુવનેશ્વરમાં ૨૦૧૯ FIH મેન્સ સિરીઝ ફાઈનલ્સની ટીમ અને બર્મિંગહામ ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા ટીમનો તે સભ્ય રહી ચૂક્યો છે. ૩૬ વર્ષીય ગોલકીપર ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતના ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીતના મુખ્ય પરફોર્મર્સમાંથી એક હતો. તેણે FIH હોકી પ્રો લીગ ૨૦૨૧/૨૨માં ભારતની ટીમને ત્રીજા સ્થાને લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### રાજ્ય સરકાર પડોશી દેશના લોકોને શરણના આપી શકે

# મમતા બેનરજીને દેશની સુરક્ષાની કોઈ ચિંતા નથી : રવિશંકર પ્રસાદ

## પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાડોશી દેશ બાંગ્લાદેશને શરણ આપવાની વાત કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાડોશી દેશ બાંગ્લાદેશને શરણ આપવાની વાત કરી હતી. તેમના આ નિવેદન બાદ હવે ભાજપના નેતા રવિશંકર પ્રસાદે તૃણમૂલ કોંગ્રેસ અધ્યક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, 'આ અધિકાર ભારત સરકારનો છે, રાજ્ય સરકારનો નથી.' નોંધનીય છે કે, રવિવારે (૨૧મી જુલાઈ) મમતા બેનરજીરએ કહ્યું હતું કે, 'બાંગ્લાદેશી નાગરિકો માટે પશ્ચિમ બંગાળના દરવાજા ખુલ્લા રાખશે. જેને શરણ જોઈએ છે તેને આવકારશે.' ભાજપના નેતા રવિશંકર પ્રસાદે પત્રકાર પરિષદ સંબોધતા કહ્યું કે,' બંધારણ અનુસાર આ અધિકાર ભારત સરકારનો છે રાજ્ય સરકારનો નહીં. મમતા બેનરજીનું આ નિવેદન નિંદનીય અને બેજવાબદારીભર્યું છે. તેમણે CAA વિશે કહ્યું હતું કે હિંસાથી પીડિત કોઈ પણ હિંદુ, શીખ, પારસી કે ખ્રિસ્તી શરણાર્થીને અમે બંગાળમાં પ્રવેશવા નહીં દઈએ.' રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, 'આ બાંગ્લાદેશનો આંતરિક મામલો છે અને અમે આ મામલાને ઉકેલવા વિનંતી કરીએ છીએ. જો મુખ્યમંત્રી જાહેરાત કરે તો તેનો અર્થ શું? શું તમે ભારતની એકતાને તોડવા માંગો છો? મમતાજી, હું તમને પૂછવા માંગુ છું કે તમારો આનો અર્થ શું છે.



નવી દિલ્હી ખાતે કેન્દ્રીય બજેટ ટીમ સાથે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરી એક જૂથ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

### મનીષને કોર્ટે ફરીથી આપ્યો ફટકો

# કોર્ટે દારૂ કૌભાંડ કેસમાં સિસોદિયાને રાહત ન આપી

। નવી દિલ્હી,તા.૨૨ ।



દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને ફરી એકવાર કોર્ટે ફટકો આપ્યો છે. કોર્ટે દારુ કૌભાંડ કેસમાં સિસોદિયાને રાહત નથી આપી. દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત CBI કેસમાં રૂઝ એવન્યુ કોર્ટમાંથી પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૨૬ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. મનીષ સિસોદિયાને સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત CBI કેસમાં BRS નેતા કે. રાઉઝ એવન્યુ કોર્ટે કવિતા વિરુદ્ધ દાખલ કરાયેલી ચાર્જશીટ પર સંજ્ઞાન લીધું છે. રાઉસ એવન્યુ કોર્ટ કે. કવિતાને ૨૬ જુલાઈએ બપોરે ૨ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

### શ્રાવણના પહેલા સોમવારે બિહારમાં દુર્ઘટના

# આરામાં ગંગા દશેરાના અવસરે ગંગામાં ડૂબતા ચાર યુવકોના મૃત્યુ

। (એજન્સી) બિહાર, તા.૨૨ ।



આરામાં ગંગા દશેરાના અવસરે ગંગામાં સ્નાન કરવા ગયેલા ચાર યુવકોના ડૂબી જવાથી મૃત્યુ નિપજ્યા છે. કહેવાય છે કે ચારેય યુવકો સ્નાન માટે બનાવેલા ઘાટથી લગભગ ૨૦૦ મીટર દૂર ગંગા નદીમાં અંદર સ્નાન કરી રહ્યા હતા. દરમિયાન એક યુવક ઊંડા પાણીમાં ગરકાવ થતા તેને બચાવવાનો પ્રયાસ કરતાં અન્ય ત્રણ યુવકો પણ ડૂબી ગયા હતા. આ ઘટના જિલ્લાના બહોરનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં શિવપુર ગંગા ઘાટ પર બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગંગા દશેરાના અવસર પર તમામ યુવકો બહોરનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના શિવપુર ગંગા ઘાટ પર સ્નાન કરવા ગયા હતા. ત્યાં ન્હાતી વખતે એક યુવક પોતાના મોબાઈલથી સેલ્ફી લેવા ગયો અને નદીના ઊંડા પાણીમાં ગરકાવ થયો. તેને જોઈને તેના અન્ય ત્રણ મિત્રો પણ તેને બચાવવા પાણીમાં ઉતર્યા હતા. આ દરમિયાન એક પછી એક બધા ડૂબી ગયા. લગભગ ૧૨ કલાકની મહેનત પછી, SDRF ટીમે ચારેયના મૃતદેહ શોધી કાઢ્યા.

અને તેમને પાણીમાંથી બહાર કાઢ્યા અને તમામ મૃતદેહોને આરા સદર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા. ઘટનાસ્થળે પહોંચેલા જગદીશપુર સબ ડિવિઝનના એસડીપીઓ ચંદ્ર પ્રકાશે જણાવ્યું કે, ગંગા નદીમાં સ્નાન કરતી વખતે સેલ્ફી લેતી વખતે એક યુવક ડૂબવા લાગ્યો હતો.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# સરકારી કર્મચારીઓ RSSના કાર્યક્રમોમાં હવે જોડાઈ શકશે

## ૫૮ વર્ષ પહેલા તેના પર લગાવવામાં આવ્યો હતો પ્રતિબંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃતિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પરનો ૫૮ વર્ષ જૂનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે. હવે સરકારી કર્મચારીઓ આરએસએસની પ્રવૃતિઓમાં ભાગ લઈ શકશે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે ઉપરોકત સુચનાઓની સમીક્ષા કરવામાં આવી છે અને નક્કી થયું છે કે ૩૦ નવેમ્બર ૧૯૬૬, ૨૫ જુલાઈ ૧૯૭૦ અને ૨૮ ઓક્ટોબર ૧૯૮૦ના સંબંધિત ઓફિસ મેમોરેન્ડમ્સમાંથી સ્વયંસેવક સંઘનો ઉલ્લેખ દૂર કરવામાં આવે. બીજી તરફ કોંગ્રેસે કેન્દ્ર સરકારના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો છે. કોંગ્રેસે રવિવારે કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા નિર્ણયની આકરી ટીકા કરી છે, જેમાં RSSની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પરનો ૬ દાયકા જૂનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. જયરામ રમેશે પોસ્ટ કર્યું આ પછી સારા આચરણની ખાતરી પરનો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો. આ પછી પણ RSSએ ક્યારેય નાગપુરમાં તિરંગો ફરકાવ્યો નથી. ૧૯૬૬ માં, RSS પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. - અને તે યોગ્ય નિર્ણય હતો. આ પ્રતિબંધ લાદવા માટે ૧૯૬૬ માં જારી કરાયેલ સત્તાવાર આદેશ છે.

### બાબા સાહેબના અનુભવોના સંદર્ભ બદલતા વિવાદ

# NCERTએ ધોરણ-૬ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં કર્યા ફેરફાર

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

NCERTએ ધોરણ-૬ માટે સામાજિક વિજ્ઞાનના નવા પાઠયપુસ્તકમાં કેટલાક ફેરફાર કર્યા છે, જેમાં હડપ્પા સભ્યતાના બદલે સિંધુ-સરસ્વતી સભ્યતા શબ્દનો પ્રયોગ કરાયો છે. વધુમાં જાતિ આધારિત ભેદભાવ અને અસમાનતાનો ઉલ્લેખ કરાયો નથી તેમજ બાબા સાહેબ આંબેડકરના અનુભવોના સંદર્ભ બદલી નાંખવામાં આવ્યા છે, જેના કારણે ભારે વિવાદ સર્જાવાની શક્યતા છે. NCERTના સામાજિક વિજ્ઞાન એટલે કે સોશિયલ સાયન્સના નવા પાઠયપુસ્તક મુજબ ગ્રીનવિચ મધ્યરેખાના ઘણા સમય પહેલાં ભારતની પોતાની પ્રધાન મધ્ય રેખા હતી, જેને 'મધ્ય રેખા' કહેવાતી હતી અને તે મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરથી પસાર થતી હતી. નવા પાઠયપુસ્તક મુજબ હાલમાં પૃથ્વીની મધ્ય રેખા ગણાતી ગ્રીનવિચ ભૂમધ્ય રેખા પહેલી પ્રધાન મધ્યરેખા નથી. ભૂતકાળમાં અન્ય મધ્ય રેખાઓ પણ હતી. ભારતની પોતાની મધ્યરેખા હતી, જે ઉજ્જૈન શહેરમાંથી પસાર થતી હતી અને આ શહેર અનેક સદીઓ સુધી ખગોળ વિજ્ઞાનનું એક કેન્દ્ર હતું. પ્રખ્યાત ખગોળશાસ્ત્રી વરાહમિહિર લગભગ ૧૫૦૦ વર્ષ પહેલા અહીં રહેતા હતા. ભારતીય ખગોળશાસ્ત્રી અક્ષાંશ અને દેશાંતરની વ્યાખ્યાઓથી માહિતગાર હતા, જેમાં ઉજ્જૈનની મધ્ય રેખા બધા જ ભારતીય ખગોળ ગ્રંથોમાં ગણનાઓ માટે સંદર્ભ બની ગઈ. એક્સપ્લોરિંગ સોસાયટી ઈન્ડિયા એન્ડ બિયોન્ડ એનડીએ સરકારનું નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર સ્કૂલ એજ્યુકેશન ૨૦૨૩ હેઠળ તૈયાર કરાયેલું સોશિયલ સાયન્સનું પહેલું પાઠયપુસ્તક છે. આ પાઠયપુસ્તકમાં કરાયેલા ફેરફાર મુજબ પહેલા ઈતિહાસ, રાજકીય વિજ્ઞાન અને ભૂગોળ માટે અલગ અલગ પુસ્તકો હતા. પરંતુ હવે સોશિયલ સાયન્સ માટે એક જ પુસ્તક હશે, જેને પાંચ ખંડોમાં વિભાજિત કરાયું છે, જેમાં ભારત અને વિશ્વઃ ભૂમિ અને લોકો, ભૂતકાળના તાણા-વાણા, આપણો સાંસ્કૃતિક વારસો અને જ્ઞાન પરંપરાઓ, શાસન અને લોકતંત્ર તથા આપણી આજુબાજુનું આર્થિક જીવનનો સમાવેશ થાય છે.

### લોકસભાના ચોમાસા સત્રનો પ્રથમ દિવસ

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દેશની પરીક્ષા સિસ્ટમને જ કૌભાંડ ગણાવી

## શક્ષણ મંત્રી એ બાબત સમજી શક્યા નથી કે આ શું થઈ રહ્યું છે : ભારતની એક્ઝામ સિસ્ટમ એક દગા સમાન : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।



લોકસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ પેપર લીક મુદ્દે આજે સંસદમાં હોબાળો થઈ રહ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નીટ પેપર લીક મુદ્દે સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. તેમણે દેશની પરીક્ષા સિસ્ટમને જ કૌભાંડ કહી છે. વધુમાં તેમણે કહ્યું કે શિક્ષણ મંત્રી એ બાબત સમજી શક્યા નથી કે આ શું થઈ રહ્યું છે. રાહુલ ગાંધીએ મુદ્દા અંગે વાત કરતા કહ્યું કે દેશમાં લાખો વિદ્યાર્થીઓ છે, જે આ બાબતથી ચિંતિત છે. તેમને લાગે છે કે ભારતની એક્ઝામ સિસ્ટમ એક દગા સમાન છે. હાલ લોકો એવું માની રહ્યાં છે કે જો તમે ધનિક છો અને તમારી પાસે પૈસા છે તો તમે ભારતની પરીક્ષા સિસ્ટમને સરળતાથી ખરીદી શકશો. રાહુલ ગાંધીએ કહ્યું કે સમગ્ર દેશ સામે સ્પષ્ટ છે કે આપણી શિક્ષણ પ્રણાલીમાં ગંભીર ખામી છે. ફક્ત NEETમાં જ નહીં પણ તમામ મુખ્ય પરીક્ષાઓમાં ગરબડ થઈ રહી છે. મંત્રી (ધર્મેન્દ્ર પ્રધાન)એ પોતાના સિવાય બધાને દોષિત ઠેરવ્યા છે. મને નથી લાગતું કે અહીં જે કંઈ થઈ રહ્યું છે તે એના મૂળ સિદ્ધાંતોને પણ સમજે છે. રાહુલ ગાંધીના આરોપો પર પલટવાર કરતાં શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, મારૂ શિક્ષણ અને સંસ્કાર તેમજ મારૂ જાહેર જીવનને મારા નાગરિકોની મંજૂરીની મહોર મળી છે. મારે ગૃહમાં કોઈ પ્રકારની સ્વીકૃત્તિ જોઈતી નથી. દેશના પ્રજાતંત્રે અમારા નેતા મોદીને વડાપ્રધાનની ભૂમિકા આપી છે. તેમના નિર્ણયથી હું ગૃહમાં આવ્યો છું. બૂમ-બરાડા કરવાથી સત્યને ખોટુ પુરવાર કરી શકાય નહીં. હું તમામ પ્રશ્નોના ઉત્તર આપવા બંધાયેલો છું. વિપક્ષ નેતાએ દેશની સમગ્ર પરીક્ષા સિસ્ટમને ખરાબ કહી છે, રબીશ કહી છે. આ દુર્ભાગ્યજનક નિવેદન છે. જેની હું નિંદા કરૂ છું. જેમણે રિમોટથી સરકાર ચલાવી છે. શિક્ષણમાં સુધારા માટે કપિલ સિબ્બલ ત્રણ બિલ લાવ્યા હતા. NEET પેપર લીક મામલે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. તેનો જવાબ આપતાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, 'છેલ્લા સાત વર્ષમાં પેપર લીક અંગે કોઈ પુરાવા નથી. આ કેસ પહેલાથી જ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. ચીફ જસ્ટિસ તેના પર સુનાવણી કરી રહ્યા છે. NTA પછી ૨૪૦ પરીક્ષાઓ થઈ છે. ૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી અને ૪.૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે રાહુલ ગાંધીનું નિવેદન તદન ખોટું છે. તેમણે સંપૂર્ણ પરીક્ષા પદ્ધતિ પર સવાલ ન ઊઠાવવા જોઈએ.

### કાંવડ કેસની સુનાવણી દરમિયાન જજે કહ્યું

# કેરળમાં ૨ પ્રખ્યાત શાકાહારી રેસ્ટોરાં છે, પરંતુ મેં મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ કર્યું

## મને અંગત રીતે મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ હતું કારણ કે ત્યાં સ્વચ્છતા વધુ જોવા મળતી હતી : જસ્ટિસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે કાંવડ માર્ગ પર દુકાનદારોના નામ લખવાના નિર્ણય પર વચગાળાનો સ્ટે મૂકી દીધો છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડની સરકારોએ આ પ્રકારના આદેશ આપ્યા હતા. સુનાવણી દરમિયાન જસ્ટિસ એસવી ભાટીએ તેનું ઉદાહરણ આપ્યું અને કહ્યું કે તેઓ પોતે કેરળમાં મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ કરે છે. તેણે તેની પાછળનું કારણ પણ જણાવ્યું. હકીકતમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને યુપી સરકારના તે આદેશને પડકારવામાં આવ્યો હતો, જેમાં કાંવડ માર્ગ પર આવતી દુકાનો પર દુકાનદારોના નામ લખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ અરજીઓમાં ઉત્તરાખંડ એમપીના કેટલાક શહેરોમાં સમાન આદેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય પર વચગાળાનો સ્ટે મુકી દીધો છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડને નોટિસ પાઠવી જવાબ માંગવામાં આવ્યો છે. આગામી સુનાવણી ૨૬ જુલાઈએ થશે. જસ્ટિસ ભાટીએ કહ્યું કે, કેરળના એક શહેરમાં ૨ પ્રખ્યાત શાકાહારી રેસ્ટોરન્ટ છે. એક હિંદુ અને એક મુસ્લિમ. મને અંગત રીતે મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ હતું કારણ કે ત્યાં સ્વચ્છતા વધુ જોવા મળતી હતી. બીજી તરફ સુનાવણી દરમિયાન જસ્ટિસ હૃષીકેશ રાયે કહ્યું કે, શું કાંવડીયાઓ એવી પણ અપેક્ષા રાખી શકે છે કે ખોરાક કોઈ ચોક્કસ સમુદાયના દુકાનદાર પાસેથી હોવો જોઈએ, અનાજ કોઈ ચોક્કસ સમુદાય દ્વારા જ ઉગાડવું જોઈએ? તેના પર સિંઘવીએ કહ્યું, અમારી પણ આ જ દલીલ છે. અરજદાર મહુઆ મોઈત્રા તરફથી હાજર રહેલા એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, દુકાનદાર અને સ્ટાફના નામ લખવા જરૂરી બનાવવામાં આવ્યા છે. આ exclusion by identity છે.

જો તમે નામ ન લખો તો ધંધો બંધ, નામ લખો તો વેચાણ સમાપ્ત. તેના પર જસ્ટિસ ભાટીએ કહ્યું કે આ બાબતને અતિશયોક્તિ ન કરવી જોઈએ. આદેશ પહેલા મુસાફરોની સુરક્ષાનો પણ વિચાર કરવામાં આવ્યો હશે. તેના પર સિંઘવીએ કહ્યું કે, આ નિર્ણય આર્થિક બહિષ્કારનો પ્રયાસ છે. જેના કારણે અસ્પૃશ્યતાને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

## તંત્રી લેખ...

# ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસાડવાના પ્રયત્નોમાં બ્રેક લાગતી નથી

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં તે ડ્રગ્સનું પ્રવેશદ્વાર અને એપી સેન્ટર બન્યું હોય ત્યારે પૂરતી સંખ્યામાં પોલીસો ન હોય તો ડ્રગ્સ ગલી મહોલ્લામાં જ પહોંચશે. પોલીસ મોટા જથ્થામાં ડ્રગ્સ કબજે કરે છે, છતાં ડ્રગ્સને રવાડે યુવકો ચડયા છે તેની નોંધ લેવી ઘટે. આમ તો દારૂબંધી નામની રહી છે, એમ જ ભવિષ્યે ડ્રગ્સબંધી પણ નામની જ રહે તો નવાઈ નહીં. રાજ્ય સરકાર દારૂ-ડ્રગ્સ સામે લડત તો આપે છે, પણ તેય નામની જ હોય એવું એટલે લાગે છે, કારણ સરકારે દારૂ-ડ્રગ્સ સામે લડત આપતી અસંખ્ય સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી રહી છે. યોગ દિવસ આવે છે તો એ દિવસે યોગ, રોગની જેમ ફાટી નીકળે છે, એ હિસાબે ડ્રગ્સ વિરોધી દિવસ, ડ્રગ્સનું સેવન કરીને ઉજવવાનો હોય તેમ ડ્રગ્સ પકડાય છે. તા. ૨૬ જૂન ડ્રગ્સ વિરોધી દિવસ તરીકે ઉજવાય છે ને એ દિવસે જ ક્યાંક ડ્રગ્સથી ઉજવણું થતું હોય તેમ એ જ દિવસે કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામના એક રહીશ પાસેથી ચરસના ૪૨ કિલોના ૨૧.૦૬ કરોડની કિંમતનાં ૪૦ પેકેટ્સ પોલીસે કબજે કર્યાં. બીજી તરફ ડ્રગ્સ ઉતારુઓને ગુજરાતનો દરિયા કિનારો માફક આવી ગયો છે ને છાશવારે કરોડોનું હજારો કિલો ડ્રગ્સ ઊતરી રહ્યું છે તે શરમજનક છે. સરકાર ડ્રગ્સ પકડાયાનો હરખ તો કરે છે, પણ દરિયા કિનારે ઊતરતાં ડ્રગ્સનો પ્રવાહ રોક્યો રોકાતો નથી ને લગભગ રોજ જુદા જુદા દરિયા કિનારાઓ પર ડ્રગ્સ ઊતરે છે ને કેટલુંક તો નધણિયાતુંય મળી આવે છે. પોલીસ તે પકડે તો છે, પણ ન પકડાયેલું રાજ્યની ગલીઓમાં ઘૂસ્યું છે ને ગુજરાતનું યુવાધન તેમાં સપડાઈ રહ્યું છે એની ચિંતા કરવાની વધુ જરૂર ઉભી થઈ છે. છેલ્લાં પાંચેક વર્ષમાં ગુજરાત રાજ્યમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ, ૨૨૨૯ લિટર પ્રવાહી ડ્રગ્સ ને ૭૩૧૬૩ ડ્રગ્સ પિલ્સ ને ઈન્જેક્શન્સ પકડાયાં છે. છેલ્લા ૬ મહિનામાં જ ચારેક હજાર કરોડનું હજારો કિલો ડ્રગ્સ પોલીસને હાથ લાગ્યું છે. વર્ષ ૨૦૧૮ના એક રાષ્ટ્રીય સર્વે મુજબ ગુજરાતનાં ૧૭.૩૫ લાખ પુરુષો અને ૧.૮૫ લાખ મહિલાઓ ડ્રગ્સના બંધાણી છે. આ આંકડાઓ છેલ્લાં છ વર્ષમાં વધ્યા જ હશે. રાજ્યમાં પોલીસ, એનસીબી, ડીઆરઆઈ જેવી સંસ્થાઓ, પેટ્રોલિંગ, સર્વેલન્સ, સીસીટીવી કેમેરાઓ જેવી ટેકનોલોજી છતાં કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્સ ગુજરાતમાં ઠલવાઈ રહ્યું છે તે યુવા પેઢીનો કેવો વિનાશ કરશે તેની કલ્પના જ કરવાની રહે છે. ડ્રગ્સનાં સેવન બદલ ત્રણેક વર્ષમાં જ ગુજરાતમાં ૫૦૦થી વધુ લોકોની ધરપકડ થઈ છે. આ બધું છતાં ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસાડવાના પ્રયત્નોમાં બ્રેક લાગતી નથી.

## ખાનગી નોકરીઓમાં સ્થાનિક અનામતને ફરજિયાત બનાવીને વિવાદને નવો વળાંક

આપણા રાજકારણીઓ દેશની એકતા-અખંડિતતાની મોટી મોટી વાતો કરે છે, બધાં ભારતીયો એક હોવાની રેકર્ડ છે પણ મૂળભૂત રીતે એ લોકો કૂવામાંના દેડકા જેવા છે અને તેમની માનસિકતા એકદમ સંકુચિત છે. તેના કારણે મતબેંક માટે આ બધી વાતોને માળિયા પર ચડાવી દેવામાં તેમને જરાય શરમ નથી નડતી. કર્ણાટક સરકારે ખાનગી કંપનીઓમાં ૧૦૦ ટકા નોકરીઓ સ્થાનિક લોકો માટે અનામત રાખવાનું ઊભું કરેલું તૂત તેનો તાજો પુરાવો છે. કર્ણાટકની સિદ્ધરામૈયા સરકારે હમણાં નિર્ણય લીધો હતો કે કર્ણાટકમાં ખાનગી કંપનીઓમાં ગ્રુપ સી અને ગ્રુપ ડી કેટેગરીની તમામ માત્ર ને માત્ર કન્નડિગાને જ આપી શકાશે. મતલબ કે ત્રીજા અને ચોથા વર્ગની તમામ નોકરીઓ સ્થાનિક લોકો માટે અનામત રહેશે અને માત્ર ને માત્ર કન્નડ લોકોને નોકરીએ રાખી શકાશે, બીજા રાજ્યના કોઈ માણસને નોકરીએ નહીં રાખી શકાય. સિદ્ધરામૈયા સરકારે નિર્ણય લીધો કે, પ્રાઈવેટ કંપનીના મેનેજમેન્ટ લેવલમાં પણ ૫૦ ટકા નોકરીઓ માત્ર કન્નડ લોકો માટે અનામત રહેશે. નોન-મેનેજમેન્ટ ૭૫ ટકા હોદ્દા પણ કન્નડિગા માટે અનામત રહેશે. આ મુદ્દે ભારે વિરોધ થતાં કર્ણાટક સરકારે નાકલીટી તાણીને આ નિર્ણય પાછો ખેંચી લેવો પડ્યો છે પણ આ નિર્ણયે નેતાઓની હલકી માનસિકતાને છતી કરી દીધી છે. કૉંગ્રેસ સરકારે આ નિર્ણય લીધો પણ આ હલકી માનસિકતામાં ભાજપ પણ પૂરો ભાગીદાર છે. સિદ્ધરામૈયા સરકારે આ અંગેનું બિલ લાવવાનું એલાન કર્યું ત્યારે ભાજપે તેને ટેકો આપવાની જાહેરાત કરેલી. આ નિર્ણયનો ભારે વિરોધ થયો એટલે સરકારે નિર્ણય પરત ખેંચવો પડ્યો તો ભાજપે ચીમકી આપી છે કે, આ બિલ પસાર નહીં કરાય તો આખા રાજ્યમાં ઉગ્ર વિરોધ ફાટી નીકળશે ને કર્ણાટક સરકારે તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડશે. ભાજપ અને કૉંગ્રેસ બંને પોતાને રાષ્ટ્રીય પક્ષ ગણાવે છે પણ બંનેની માનસિકતા પ્રાદેશિક પક્ષો કરતાં પણ ખરાબ છે તેનો આ પુરાવો છે. એ લોકોને દેશના બંધારણની કે દેશના બીજા લોકોના અધિકારોની કોઈ પરવા નથી પણ માત્ર ને માત્ર પોતાના સ્વાર્થની જ ચિંતા છે તેનો આ નાદાર નમૂનો છે. એ લોકો એકતા ને અખંડિતતાની વાતો કરે છે પણ વાસ્તવમાં આ બધી વાતોને અનુસરવામાં માનતા નથી. પોતાના સ્વાર્થ માટે આ બધી વાતોનું પડીકું કરી નાખતાં તેમને જરાય શરમ નથી આવતી. આ હલકી ને વાસ્તવમાં તો દેશવિરોધી માનસિકતાનું પ્રદર્શન કરવામાં તેમને જરાય છોછ નડતો નથી. પોતાના સ્વાર્થ ખાતર લોકોમાં ભેદભાવ કરવામાં તેમને કશું આડે આવતું નથી. ખાનગી કંપનીઓનાં અનામતના નિર્ણયની જાહેરાત કરતાં મુખ્યમંત્રી સિદ્ધરામૈયાએ કહ્યું હતું, કે, સરકારની ઈચ્છા છે કે કન્નડ લોકોને પોતાના વતનમાં જ આરામદાયક જીવન જીવવાનો અવસર મળે. અમારી સરકાર કન્નડ લોકોની સમર્થક સરકાર છે અને અમારી પ્રાથમિકતા કન્નડ લોકોનું કલ્યાણ કરવાની છે. ભલા માણસ, કન્નડ લોકોનું ભલું કરો તેમાં અમને કોઈ વાંધો નથી પણ તેના માટે દેશના બંધારણને મજાકરૂપ બનાવી દેવાનું ? આપણી કમનસીબી એ છે કે, આ દેશમાં આવા જ નમૂના ભર્યા પડ્યા છે કે જેમની બુદ્ધિ અનામતથી આગળ જતી નથી અને પોતાના સ્વાર્થ માટે કશું પણ કરતાં તેમને ખચકાટ થતો નથી. ખાનગી કંપનીઓમાં સ્થાનિક લોકોને અનામત આપવાનો નિર્ણય અગાઉ પણ ઘણો રાજ્ય સરકારોએ લીધો છે. કર્ણાટકમાં આવો ચોથી વખત પ્રયાસ થયો છે. પહેલાં ૨૦૧૪ અને ૨૦૧૭માં પણ સરકારે આવી જાહેરાત કરી હતી. છેલ્લે ઓક્ટોબર ૨૦૨૦માં યેદિયુરપ્પાની આગેવાની હેઠળની ભાજપ સરકારે ખાનગી નોકરીઓમાં ગ્રુપ સી અને ડીમાં સ્થાનિકોને ૭૫ ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી પણ તેનો અમલ થઈ શક્યો નથી. ચંદ્રાબાબુ નાયડુ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૧૯માં આંધ્ર પ્રદેશમાં ખાનગી નોકરીઓમાં સ્થાનિકોને ૭૫ ટકા અનામત આપવા માટે કાયદો બનાવાયો હતો.

**માત્ર મોડર્ન પરીવેશ ધારણ કરવાથી, કે ઈંગ્લિશમાં બોલવાથી મોડર્ન થવાતું નથી! વિચારધારાનું પણ એક આગવું મહત્વ હોય છે**

# શંકરની જેમ ત્રિગુણાવતીત બનવા માટો સત્વ, રજસ, અને તમસની પણ બાદબાકી કરવી પડે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**માનવ માનવ સાથે જોડાઈએ તો માનવતાનો ધર્મ સહજ રીતે અદા કરી શકીએ, અને એ જ રીતે પ્રકૃતિ સાથે જોડાઈએ તો પ્રકૃતિ પ્રેમ વધે અને આપણને નિસ્વાર્થતા તરફ દોરી જાય, આ બધું જ આપણને હિન્દુ સંસ્કૃતિ શીખવાડે છે, વારંવાર આ માધ્યમથી કહેવાનું તાત્પર્ય પણ એટલું જ છે કે, સંસ્કૃતિ વિસરાતી જાય છે, અને અન્ય સંસ્કૃતિને સ્વીકારવાથી સમાજમાં દૂષણો પ્રવેશી ચૂક્યા છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આપણાં મૂળ ભાવ પરથી જ સ્વભાવ નક્કી થતો હોય છે, અને નાની નાની વાતમાં ભાવનાથી જોડાઈએ, તો ત્યાં ખૂબ સારું પરિણામ આવતું હોય છે, માનવ માનવ સાથે જોડાઈએ તો માનવતાનો ધર્મ સહજ રીતે અદા કરી શકીએ, અને એ જ રીતે પ્રકૃતિ સાથે જોડાઈએ તો પ્રકૃતિ પ્રેમ વધે અને આપણને નિસ્વાર્થતા તરફ દોરી જાય. આ બધું જ આપણને હિન્દુ સંસ્કૃતિ શીખવાડે છે, વારંવાર આ માધ્યમથી કહેવાનું તાત્પર્ય પણ એટલું જ છે કે, સંસ્કૃતિ વિસરાતી જાય છે, અને અન્ય સંસ્કૃતિને સ્વીકારવાથી સમાજમાં દૂષણો પ્રવેશી ચૂક્યા છે. જેને કારણે સામાજિક અશાંતિ વર્તાય છે, તેમજ સામાજિક પ્રગતિ થતી નથી. માત્ર મોડર્ન પરીવેશ ધારણ કરવાથી, કે ઈંગ્લિશમાં બોલવાથી મોડર્ન થવાતું નથી! વિચારધારાનું પણ એક આગવું મહત્વ હોય છે, અને એ વિચારધારા વિચાર્યા વગર અપનાવી લેવાથી પણ ખોટું પરિણામ આવી શકે છે, આપણી મૂળ વિચાર ધારા તો અત્યંત એડવાન્સ છે, જેમાં ઈશ્વરની ઉપલબ્ધિ પણ શક્ય છે. સદીના મહાનાયક એ પણ આ બાબત ટકોર કરી હતી, કે શહેરમાં લગાડાતા જાહેરાતના મોટા મોટા હોર્ડિંગોમાં જે તે હીરો હિરોઈન કઈ પ્રોડક્ટની જાહેરાત કરે છે, એ જ સમજાતું નથી! જ્યાં શરીરના પ્રદર્શનની જરૂર ન હોય ત્યાં એને દેખાડીને શું સાબિત કરવામાં આવે છે! એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. મોરચા કાઢી કે નારાબાજી કરીને વિરોધ કરવાથી કંઈ ન થાય વધુ પડતી વલ્ગારિટી હોય એ વસ્તુનો બાયકોટ કરવાથી જ પરિણામ મળી શકે, આવી જાહેરાત સ્કીપ કરો, મન મગજમાંથી કાઢી નાખવી પડે. ટૂંકમાં એમનો હેતુ પાર ન પડે, તો દરેક માધ્યમ માંથી ધીરેધીરે ઓછું થાય, કારણકે ટીઆરપી ઘટી જાય એટલે વાર્તા પૂરી! વણસતી જતી વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક પરિસ્થિતિને કંટ્રોલ કરવા આપણે એક મજબૂત સ્થિતિનું નિર્માણ કરવું પડશે, તો એને વિશે ચિંતનમાં આજે વાત કરીશું. આપણે અગાઉ ચિંતનમાં વાત થઈ હતી કે ભગવાન શંકર કરુણા અવતાર છે, અને એમનો મૂળ સ્વભાવ કરુણા છે, તો આજે આ વાતને જુદી રીતે સમજીએ. એટલે કે શું શંકર અને શિવ બંને એક છે? એવો કોઈ પ્રશ્ન થાય તો આપણો જવાબ શું હોઈ શકે! ભારતીય અધ્યાત્મ પ્રમાણે શંકર અને શિવ બંને એક નથી, પરંતુ જીવની શંકર જેવી એક સ્થિતનું નામ શિવ છે. હમણાં આ અંતર્ગત સોશિયલ મીડિયા પર એક વિડીયો પણ આવ્યો હતો, જેમાં ૨૫ આસપાસની એક ફેશનેબલ યુવતીએ આ વાતને સુંદર રીતે પ્રસ્તુત કરી હતી. શિવ એટલે અધ્યાત્મની પૂર્ણ પરાકાષ્ઠાની સ્થિતિ, કે જ્યાં જીવ જ શિવ તત્વમાં ફેરવાઈ જાય છે. આ લખવું અને કહેવું એ જેટલું સહેલું છે, એટલું કરવું



બહુ અઘરું છે. જીવ પૂર્ણ પણે સંસારી અને ભોગી છે, જ્યારે જીવને ભગવાન શંકરની સ્થિતિએ લઈ જવાનો છે, એટલે કે એના એના સ્વભાવને આત્મસાત કરવાનો છે. ભગવાન શંકર ત્રિગુણાવતીત છે, એટલે અહીં સત્વ રજસ અને તમસ ની પણ બાદબાકી હોય, એવો સ્વભાવ બનાવવાનો છે, આ ઉપરાંત વિષમ પરિસ્થિતિઓનું વિષ પી ને પણ પ્રસન્ન રહેવાનું છે. વૈરાગ્યની વૃતિને કેળવીને, સ્મશાનમાં રહેવાનું છે, એટલે કે નિત્ય મૃત્યુનું સ્મરણ કરી, મૃત્યુ એ શાશ્વત સત્ય છે એને સહજ બનાવવાનું છે. અઘરું છે પરંતુ અશક્ય નથી. કારણ કે ભગવાન શંકર સંસારી છે, અને એણે સંસારી હોવા છતાં સંન્યાસીના ધર્મ ને સહજ રીતે નિભાવ્યો છે. પરિવારથી જ દરેકનું પરિસર બનતું હોય છે, તો એ રીતે વિચારીને ભગવાન શંકરનાં પરિવારની વાત કરીએ તો, માતા સતી એટલે કે બુદ્ધિ, તો બુદ્ધિમાં જ્યારે શંકા કે સંશયનો પ્રવેશ થાય, ત્યારે એનો પણ ત્યાગ કરવો! પાર્વતી એટલે શ્રદ્ધા! તો એને પ્રેમ માન સન્માન આપવું, એટલે કે શ્રદ્ધાની પુષ્ટિ કરવી. ગણેશ એટલે પરિપક્વ વિવેક પણ જ્યારે વિવેક ના નામ પર બગાવત કરે તો એને પણ અહંકાર મુક્ત કરવા એનો છેદ કરવો. કાર્તિકેય એટલે શૂરવીરતા,પણ આપણાં બળ પર અહમ આવે ત્યારે એને નાથવું બહુ જરૂરી છે. ભગવાન શંકરનું વાહન નંદી એટલે કે ધર્મનાં વાહન પર બેસીને જીવન વિચરણ કરવું! અને સદા સૌ માનવતાનાં ધર્મ પ્રેરિત થાય એવો વ્યવહાર કરવો. હવે કરુણાનો મૂળ ભાવ એટલે કે આપવાની વૃત્તિ! આપણી માટે આમ તો આપવા માટે કંઈ એવું છે નહીં! છતાં ઈશ્વરે થોડું ઘણું કંઈ આપ્યું હોય, તો સામેવાળાના ગુણ દુર્ગુણ જોયા વગર એની જરૂરિયાતને મહત્વ આપી એને આપવું એ શંકરનો પહેલો સ્વભાવ છે. સમગ્ર સૃષ્ટિના હીતનું તો આપણે કેટલું વિચારી શકીએ! આપણા વિચારની પણ એક મર્યાદા છે! પરંતુ છતાં સમસ્ત સૃષ્ટિના હીત માટે સતત પ્રયત્નશીલ રહેવું, જેમકે પ્રકૃતિ સંવર્ધન વિશે પણ વિચારવું! સામાન્ય રીતે દ્રષ્ટિથી જે દેખાતું હોય એ જ સત્ય નથી, એવી સમજણ કેળવવી, અને અન્ય સાથેનો વ્યવહાર સુમધુર રાખવો એ ત્રિનેત્રી નો મૂળ લક્ષણ છે, એટલે કે સમજણનું ત્રીજું નેત્ર અભ્યાસથી ખોલવું. વૈરાગ્ય પરિપક્વ થાય એ માટે સત્ય પ્રેમને કરુણાનું ત્રિપુંડ કરવું! આપણે સ્થૂળ રીતે તો મહાદેવના ઉપાસક છીએ એમ દર્શાવવા આવું કરતા હોઈએ છીએ, પણ સુક્ષ્મ રીતે એ સ્થિતિ તરફ જોતા પણ નથી. ગંગા ને જટામાં સમાવી એટલે કે સાંસારિક વૃત્તિઓમાં પવિત્રતા રાખવી. ભાલમાં બીજનો ચંદ્ર એટલે કલા કે વિદ્યાની પ્રગતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેને પૂર્ણતા બક્ષવી. સામાજિક નિંદા ઈર્ષા કે અન્યના અન્ય પ્રકારના દૂષિત ભાવને બહાર જ રોકી દેવા અંદર પ્રવેશે નહીં, તેનું સતત ધ્યાન રાખવા સર્પનો શણગાર કર્યો. ડમરું નો નાદ પોતે શંકર છે, એને અન્યથી કોઈ લેવાદેવા નથી, એવી મસ્તીમાં રાખવા માટે છે. ત્રિશૂલ એટલે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું મુખ્ય શૂળ, ભોગની લાલસા, એને નાથવા માટે. વાઘ ચર્મ પર આસન એટલે હિંસક વૃત્તિની સમાપ્તિને અહિંસાનું આચરણ. તો ભારતીય અધ્યાત્મદર્શનમાં જીવનું શિવ થવું એ શક્ય બતાવ્યું છે, અને જે ઈશ્વર નામે અધ્યાર તત્વ છે, એને આપણી અંદર જ મહેસુસ કરવાનું છે, અને એટલે જ અહમ બ્રહ્માસ્મીની વાત પણ આવી. આ સૂત્ર એક ખુમારી દર્શાવે છે, નહીં કે અહમ! પરંતુ આપણે એવી સ્થિતિ અર્જિત કર્યા વગર અહમ બ્રહ્માસ્મી થઈ, અને સમાજમાં આતંક ફેલાવીએ છીએ, જેને કારણે સામાજિક અશાંતિ છે. શિવ તત્વની પ્રાપ્તિ કે અનુભૂતિ એ અંતરને પ્રકાશિત કરનારી છે, અને એ ઈશ્વરમાં ઓતપ્રોત થઈ જતી એક એવી સ્થિતિ છે, કે જ્યાં દર્શન માત્રથી પવિત્રતાનો અનુભવ થાય,અને સર્વનાં કલ્યાણ માટેનો વિચાર આવે! આ ઉપરાંત જ્યાં સંસારમાં પણ સહજતાથી સંન્યાસ નિભાવી શકાય છે! અને સંન્યાસ એટલે વૃત્તિનો પરમ વૈરાગ્ય, સંન્યાસ એટલે જ્યાં મારું મારું સમાપ્ત, સંન્યાસ એટલે ગુણ દુર્ગુણની સમાપ્તિ, એટલેકે સર્વનો સ્વીકાર! બુદ્ધિની અનુગામી કક્ષા કે જ્યાં સરળ શ્રદ્ધાનું સ્થાપન, પરિપક્વ વિવેક,અને સંસ્કૃતિના રક્ષણ માટેની શૂરવીરતા હોય! તો શિવ, શંકર બંને ભિન્ન હોવા છતાં આપણે એ સ્થિતિ નિર્માણ કરીને શિવત્વ પ્રાપ્ત કરી શકીએ છીએ! આપણી સંસ્કૃતિ જ છે, કે જ્યાં માનવી પણ ઈશ્વરની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે છે! તો આવી ઉમદા વિચારો ના પાયા પર ઉભેલી આપણી મહાન સંસ્કૃતિ મુકીને આપણે શું કામ અન્ય સંસ્કૃતિ નું આંધળું અનુકરણ કરવું જોઈએ? બિલકુલ નહીં! જાગ્યા ત્યારથી સવાર! એ કહેવત અનુસાર આપણે સૌ આપણી સંસ્કૃતિ ને મહત્વ આપી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ઉત્તર પ્રદેશમાં લોક સભાની ચૂંટણી બાદ ત્યાં નામનો મોહ લાગ્યો તેવું નામના પાટીયા સરકાર જે હોય તે પણ આજે જુની વાત કરવી છે**

# લક્ષ્મીધર ભૂખે મરે, યશધર છે બદનામ, વિદ્યાધર અણપઢ રહે, નામ ન આવે કામ, નામ ભલે કોઈ પણ રહે, સુધરી જાય વ્યવહાર



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે વાત વ્યક્તિના નામ પર લાગુ થાય છે, તે જ સંપ્રદાયના નામ પર પણ, ન બૌદ્ધ સંપ્રદાયના સહુ લોકો બોધિ સંપન્ન હોય છે અને ન જૈન સંપ્રદાયના સહુ આત્મજીત, ન બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મ વિહારી હોય છે અને ન ઈસ્લામના સહુ સમર્પિત અને શાંત, જેમ દરેક વ્યક્તિમાં ભલાઈ-બુરાઈ બંને હોય છે, તેમ દરેક સંપ્રદાયમાં સારાં નરસાં લોકો હોય.**

અમે ભણતા ત્યારે પૂરી એક અંધેરી નગરી ગંડુ રાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા. અને નામનો મોહ લાગ્યો. કવિતા અને પાઠ આવતા આજના સમયમાં જોતાં આ બંને હકીકતમાં ફેરવાઈ ગયાં છે.છેલ્લા કેટલાક વર્ષોથી નામ બદલવાની કે ઉછાળવાની ઘેલશા બીજા કામો કરતાં બહુ જ મહત્વના થયાં છે. ઉત્તર પ્રદેશમાં લોક સભાની ચૂંટણી બાદ ત્યાં નામનો મોહ લાગ્યો તેવું નામના પાટીયા સરકાર જે હોય તે પણ આજે જુની વાત કરવી છે. જે અમે ભણ્યા હતા કોઈ વ્યક્તિના મા-બાપે તેનું નામ પાપક રાખી દીધું. મોટા થતાં તો આ નામ તેને ખૂબ ખરાબ લાગવા માંડ્યું. તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે ભન્તે, મારું નામ બદલી આપો. આ નામ બહુ જ અપ્રિય છે કેમ કે એ અશુભ,અમંગળ અને અપ શુકનિયાળ છે. આચાર્યએ તેને સમજાવ્યું કે નામ તો કેવળ પ્રજ્ઞપ્તિ માટે, એટલે કે ઓળખ માટે, વ્યવહાર જગતમાં હાક મારવા ખાતર જ હોય છે. નામ બદલવાથી કોઈ અર્થ સરતો નથી. કોઈ પાપક નામ રાખીને પણ સત્કર્મોથી ધાર્મિક બની શકે છે અને ધાર્મિક નામ રહે તો પણ દુષ્કર્મોથી પાપી બની શકે છે. મુખ્ય વાત તો કર્મની છે. નામ બદલવાથી શું થશે? પરંતુ તે ન માન્યો? આગ્રહ કરતો જ રહ્યો. આખરે આચાર્યએ કહ્યું “અર્થસિદ્ધિ તો કર્મ સુધારવાથી જ થશે, પરંતુ જો તું નામ પણ સુધારવા ઈચ્છે છે તો જા, ગામ-નગરના લોકોને જોઈ લે અને જેનું નામ તને શુભ લાગે તે મને બતાવ. તારુંનામ તે પ્રમાણે બદલી નાખવામાં આવશે. પાપક સુંદર નામવાળા ઓની શોધમાં નીકળી પડયો. ઘરથી બહાર નીકળતાં જ તેને શબયાત્રાના દર્શન થયાં. પૂછ્યું કોણ મરી ગયું?લોકોએ કહ્યુંજીવક પાપ કે વિચાર્યું નામ જીવક,પણ મૃત્યુનો શિકાર થઈ ગયો? આગળ વધતાં તેણે જોયું કે કોઈ દીનહીન દુ:ખીયારી સ્ત્રીને મારપીટ કરી ઘર માંથી કાઢી મૂકવામાં આવી રહી છે. નામ પૂછ્યું તો જાણવા મળ્યું ધનપાલ. પાપક વિચારમાં પડયો, નામ ધનપાલ અને પૈસા પૈસા માટે પરાવલંબી. ત્યાંથી આગળ વધતાં એક રસ્તો ભૂલેલા વ્યક્તિને લોકો ને રસ્તો પૂછતાં જોયો.નામ પૂછતાં કહેવામાં આવ્યું પંથક. પાપક ફરીથી વિચારમાં પડી ગયો. અરે! પંથક પણ પંથ પૂછે છે, પંથ ભૂલે છે! પાપક પાછો ફર્યો. હવે નામ પ્રત્યે તેનું આકર્ષણ કે અનાકર્ષણ દૂર થઈ ચૂકયું હતું. વાત સમજમાં આવી ગઈ. શું પડયું છે નામમાં? જીવક પણ મરે છે અને અજીવક પણ. ધનપાલ પણ દરિદ્ર હોય છે અધનપાલ પણ. પંથક પણ પંથ ભૂલે છે અને અપથંક પણ. સાચે જ નામની મોહ નિરર્થક નકામો છે. જન્મથી અંધ અને નામ નયનસુખ જન્મથી દુ:ખી અને નામ સદાસુખ ભલે રહ્યું પાપક નામ,મારું શું બગડે છે? હું મારાં કર્મ સુધારીશ. કર્મ જ પ્રમુખ છે, કર્મ જ પ્રધાન છે. જે વાત વ્યક્તિના નામ પર લાગુ થાય છે, તે જ સંપ્રદાયના નામ પર પણ. ન બૌદ્ધ સંપ્રદાયના સહુ લોકો બોધિસંપન્ન હોય છે અને ન જૈન સંપ્રદાયના સહુ આત્મજીત.ન બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મ વિહારી હોય છે અને ન ઈસ્લામના સહુ સમર્પિત અને શાંત. જેમ દરેક વ્યક્તિમાં ભલાઈ-બુરાઈ બંને હોય છે, તેમ દરેક સંપ્રદાયમાં સારાં નરસાં લોકો હોય છે. કોઈ પણ સંપ્રદાયના ન તો બધાં લોકો સારાં હોઈ શકે છે, ન બધાં નરસાં. પરંતુ સાંપ્રદાયિક આસક્તિને કારણે આપણે આપણા સંપ્રદાય નાં દરેક વ્યક્તિને સજ્જન અને પરાયા સંપ્રદાયના દરેક વ્યક્તિને દુર્જન માનવા લાગીએ છીએ. હિન્દુ, બૌદ્ધ જૈન, ખ્રિસ્તી કે મુસ્લિમ કહેવરા વવા માત્રથી ન કોઈ વ્યક્તિ સજ્જન બની જાય છે, ન દુર્જન. બૌદ્ધ કહેવરાવનાર વ્યક્તિ પરમ પુણ્ય વાન પણ હોઈ શકે છે અને નિતાંત પાપી પણ. આ વાત સર્વ સંપ્રદાયો પર સમાન રૂપે લાગુ પડે છે. જેવી રીતે વ્યક્તિની ઓળખાણ માટે તેને કોઈ નામ દેવામાં આવે છે, તેવી જ રીતે કોઈ સમુદાયની ઓળખાણ માટે પણ. આ નામો સાથે ગુણોનો કોઈ સંબંધ નથી. તેલથી ભરેલા પીપ પર શુદ્ધઘીનું લેબલ લગાવ્યા પછી પણ તેલ, તેલ જ રહે છે, શુદ્ધ ઘી નથી બની જતું.કોઈ સુંદર વ્યક્તિનું નામ કુરૂપ રાખી દઈએ તો તે કુરૂપ અને કોઈ કુરૂપને સુંદર કહેવા લાગીએ તો તે સુંદર નથી બની જતી.ફૂલને કાંટો અથવા કાંટાને ફૂલ કહેવા લાગીએ તો પણ ફૂલ-ફૂલ જ રહે છે, કાંટો-કાંટો જ. કોઈ વ્યક્તિ હોય તો રંક, પણ નામ હોય રાજન્. આવી વ્યક્તિ જ્યાં સુધી એ તથ્યને સમજે છે કે આ રાજન્ નામ કેવળ સંબોધન માટે છે, વાસ્તવમાં હું રંક છું, ત્યાં સુધી તે હોશમાં છે. પરંતુ જે દિવસે તે આ નામનો દંભ માથે ચઢાવીને રંક હોવા છતાં પણ,પોતાને રાવ રાજા અને અન્ય સહુને પોતાનાથી ઉતરતી કક્ષાના માનવા લાગે તો તે પ્રમત્ત વ્યક્તિ, લોકોના ઉપહાસનું પાત્રબની જાય છે. પરંતુ જ્યાં રાજન્ નામના હજારો લાખો રંક હોય અને એ બધા સંગઠિત થઈને પોત-પોતાને રાવરાજા માનવા લાગે તથા અન્ય સર્વ લોકોને ઉતરતી કક્ષાના માનવા લાગે તો પાગલોનું આવો સમૂહ કેવળ ઉપહાસાસ્પદ જ નહીં, બલ્કે સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. બરાબર આવી જ દશા આપણી થઈ જાય છે, જ્યારે આપણે જાતી યતા,સાંપ્રદાયિકતા કે રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્તથઈ ઊઠીએ છીએ અને પોતાને અન્યોથી શ્રેષ્ઠ માની તેઓને ધૂણાની દ્રષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં આપણે પણ સમાજ માટે ખતરાનું તેમ જ તેની અશાંતિનું કારણ બની જઈએ છીએ. સુખશાંતિ ખોઈને સાચા ધર્મથી દૂર થતાં જઈએ છીએ. ધર્મને જાતિ, વર્ણ, વર્ગ, સમુદાય, સંપ્રદાય, દેશ, રાષ્ટ્રની સીમાઓમાં ન બાંધી શકાય. માનવ સમાજના કોઈ પણ વર્ગમાં ધર્મવાન વ્યક્તિ હોઈ શકે છે. ધર્મ પર કોઈ એક વર્ગ-વિશેષનો એકાધિકાર નથી હોતો. ધર્મ આપણને નેક માણસ બનતાં શિખવે છે. નેક માણસ નેક માણસ છે. તે પોતાના સંપ્રદાયની જ નહીં, પરંતુ સમગ્ર માનવસમાજની શોભા છે. જે નેક માણસ જ નથી તે નેક હિંદુ કે મુસલમાન, નેક બૌદ્ધ કે જૈન, નેક ભારતીય કે બર્મી નેક બ્રાહ્મણ કે ક્ષત્રિય કેવી રીતે હોઈ શકે? અને જે માણસ નેક થઈ ગયો તે સાચા અર્થમાં ધર્મ વાન થઈ ગયો. તેને કોઈપણ નામથી બોલાવવામાં આવે તો શું ફરક પડે છે? ગુલાબ ગુલાબ જ રહેશે, નામ બદલી નાખવાથી તેની સુગંધમાં કોઈ ફેર પડશે નહીં. જે બાગમાં ખીલશે તેને અને ન કેવળ તેને બલ્કે આસપાસના સારાયે વાયુમંડળને પોતાની સૌરભથી સુરભિત કરશે. તેથી મુખ્યવાત છે ધર્મવાન બનવાની નેક માનવ બનવાની. નામ ભલે ગમે તે રહે, બાગ ભલે કોઈ પણ સમુદાયનો હોય, તેના પર ભલે ગમે તે નામનું બોર્ડ લાગેલું હોય. ફૂલ ખીલવા જોઈએ. સૌરભ પ્રસરવી જોઈએ. સાંપ્રદાયિકતા અને જાતીયતાના રંગીન ચશ્મા ઉતારીને જોઈએ તો જ ધર્મનું શુધ્ધ રૂપ સમજમાં આવે છે. અન્યથા પોતાની સંપ્રદાયનું રંગ રોગાન,નામ-લેબલ જ પ્રમુખતા લઈ લે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, ગુજરાત મહારાષ્ટ્ર સિવાય બધે શ્રાવણ માસની શરૂઆત ગઈકાલે સોમવારથી થયો છે. નામ બદલવાની ઘેલશા કરતા મોંઘવારી શિક્ષિત યુવાધન બેરોજગાર બની વ્યસનની ખાઈમાં ખાબકી રહયા છે ભ્રષ્ટાચાર નવા પુલ ગમે ત્યારે ધરાશાયી થાય છે તે બાબતે કંઈક નક્કર કામ થાય તેવા લોકોના સૂર વેદના સભર સાંભળવા મળે છે જે વિશે સરકાર જાગૃત બને..અસ્તુ.

# તેણે પોતાનો જીવ જોખમમાં મૂકીને શૂટિંગ પૂરું કર્યું પરંતુ પૈસા ન મળ્યા

## શો બંધ થઈ ગયો છે, પરંતુ મેકર્સે તેને એક વર્ષ સુધી તેનું પેમેન્ટ આપ્યું નથી

ટેલિવિઝન અભિનેતા પંકજ ભાટિયાએ જણાવ્યું કે કોવિડ ૧૯ પછી તે એક શો સાથે જોડાયેલો હતો. તેણે પોતાનો જીવ જોખમમાં મૂકીને શૂટિંગ પૂરું કર્યું પરંતુ પૈસા ન મળ્યા. તે શો બંધ થઈ ગયો છે, પરંતુ મેકર્સે તેને એક વર્ષ સુધી તેનું પેમેન્ટ આપ્યું નથી. ચૂકવણી ન થવાને કારણે તેના પર દેવું થઈ ગયું છે. પોતાની સમસ્યા સમજાવતી વખતે તે ભાવુક પણ થઈ ગયો હતો. ટેલિવિઝન અભિનેતા પંકજ ભાટિયા આ દિવસોમાં મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. પંકજ એક જાણીતા ટેલિવિઝન અભિનેતા છે, જેણે ઘણા લોકપ્રિય શોમાં કામ કર્યું છે. તેને સ્ક્રીન પર જોઈને ભાગ્યે જ કોઈને અંદાજો હશે કે તે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. થોડા સમય પહેલા તેણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે જણાવ્યું હતું કે શોના મેકર્સે તેને એક વર્ષથી પેમેન્ટ કર્યું નથી. જેના કારણે તે દેવામાં ડૂબી ગયો છે. મુશ્કેલ સંજોગોએ પણ તેમને ઊંઘ વિનાની રાત આપી છે.



હવે એક ઈન્ટરવ્યુમાં અભિનેતાએ આ સમગ્ર મામલે ખુલીને વાત કરી છે. ટેલી ટોકને આપેલા એક ઈન્ટરવ્યુમાં પંકજે કહ્યું કે 'મેં આજ સુધી ઘણા મોટા પ્રોડક્શન હાઉસ સાથે કામ કર્યું છે, પરંતુ મને ક્યારેય કોઈ આર્થિક સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. કોવિડ ૧૯ પછી, હું એક શોમાં જોડાયો. શોના નિર્માતાઓ આર્થિક સંકટમાં હતા. તેણે એક ફિલ્મમાં પૈસા રોક્યા હતા, જેના કારણે તેને નુકસાન થયું હતું. જે શો હું કરતો હતો. તે અટકી ગયો. એક વર્ષ થઈ ગયું અને હજુ પણ મને મારા પૈસા આપવામાં આવ્યા નથી. દર વખતે મને ચુકવણી માટે તારીખ આપવામાં આવે છે, પરંતુ તે તારીખે મને ક્યારેય પૈસા મળતા નથી. 'હું ૫૦,૦૦૦ રૂપિયાનો એક્ટર નથી. તમને એક વાત કહું, હું જે સ્ટુડિયોમાં શૂટિંગ માટે જતો હતો તે ઘરથી ઘણો દૂર હતો. જો હું કારમાં ગયો હોત તો મેં એક દિવસમાં હજારો રૂપિયા ખર્ચ્યા હોત. એટલે મેં બાઈક કાઢી. ચાર-પાંચ વાર એવું બન્યું છે કે બાઈક અકસ્માત ટળી હોય. સમજો કે તે પોતાનો જીવ જોખમમાં મુકીને શૂટિંગ પર જતો હતો.

### આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ કરવાની વાત હતી

# ફિલ્મનું પ્રિમિયર જ ડિસેમ્બરમાં તો શું ફિલ્મ હવે આવતા વર્ષે?



## અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા'ની સફળતા બાદ દર્શકો ખુબ આતુરતાપૂર્વક 'પુષ્પા ૨- ધ રુલ'ની રાહ જોઈ રહ્યાં છે

અલ્લુ અર્જુન, સમંથા રૂથ પ્રભુ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'પુષ્પા'ની સફળતા બાદ દર્શકો ખુબ આતુરતાપૂર્વક 'પુષ્પા ૨- ધ રુલ'ની રાહ જોઈ રહ્યાં છે. આ ફિલ્મ પહેલાંથી જ પોસ્ટપોન થઈ ચૂકી છે. આ ફિલ્મના બે ગીતો આવી ચૂક્યાં છે અને લોકપ્રિય પણ થયાં છે. શરૂઆતમાં આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ કરવાની વાત હતી. પરંતુ હવે ફિલ્મનું પ્રિમિયર જ ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ શીડ્યુલ થઈ ગયું છે. તેના કારણે એવી ચર્ચાઓ શરૂ થઈ છે કે ફિલ્મની રિલીઝ પણ પાછી ઠેલાશે. કેટલાંક અહેવાલો મુજબ અલ્લુ અર્જુન ફિલ્મના અનિયમિત શૂટિંગથી કંટાળી ગયો છે અને સંતુષ્ટ નથી તેથી તેણે પોતાની દાઢી કઢાવી નાખી છે, જે ફિલ્મમાં તેના પાત્રના લૂકનો એક મહત્વનો ભાગ હતી. ત્યાર બાદ તે પોતાના પરિવાર સાથે વેકેશન ગાળવા યુરોપ જતો રહ્યો હતો. એ દરમિયાન ફિલ્મનો ડિરેક્ટર પણ યૂએસ ચાલ્યો ગયો હતો, તેના કારણે ફિલ્મ પાછી ઠેલાતી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. તો કેટલાંક સૂત્રોનું કહેવું છે કે આ બધી અફવાઓ છે અને અલ્લુ અર્જુને ખાસ ફિલ્મ માટે થઈને જ દાઢી કાઢી નાખી છે. તેમ છતાં એવી શક્યતાઓ વધુ લાગે છે કે ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે, તેથી નિરાશ દર્શકો પાસે રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ નથી. ફિલ્મ મેકર્સે કોઈ નિશ્ચિત તારીખ જાહેર કરીને આ ચર્ચાઓ અને અફવાઓનો અંત લાવવાની જરૂર છે. 'પુષ્પા ૨- ધ રુલ'માં પણ અલ્લુ અર્જૂન સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં જોવા મળશે તેમજ ફવાદ ફાસિલ વિલનના રોલમાં હશે. આ ઉપરાંત અનસૂયા ભારદ્વાજ, સુનિલ, રાવ રમેશ અને જગદીશ સહિતના કલાકારો વિવિધ રોલમાં જોવા મળશે.

### 'પુષ્પા ધ રાઇઝ' પહેલો ભાગ ૨૦૨૧માં રિલીઝ થયો હતો

# ડિસેમ્બરમાં પુષ્પા-૨ નક્કી: મેનેજરને ખાતરી

## ઈન્ડસ્ટ્રીના લોકો હોય કે પછી ઓડિયન્સ, દરેક 'પુષ્પા ૨'ની રિલીઝ બાબતે ખૂબ ઉત્સાહિત

ઈન્ડસ્ટ્રીના લોકો હોય કે પછી ઓડિયન્સ, દરેક 'પુષ્પા ૨- ધ રુલ'ની રિલીઝ બાબતે ખૂબ ઉત્સાહિત અને ઉત્સુક છે. ઘણા લોકોને એવી આશા કે એવો વિશ્વાસ છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખશે અને 'પુષ્પા'થી પણ વધુ સારી બનશે. તેથી ફિલ્મ તેની જાહેર થયેલી તારીખે રિલીઝ થશે કે પછી તેની રિલીઝ પાછી ઠેલાશે તે બાબતે અલ્લુ અર્જુનના ફૅન્સ થોડા ચિંતામાં હતા. એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે અલ્લુ અર્જુન અને ફિલ્મના ડિરેક્ટર સુકુમાર વચ્ચે મતભેદ થવાથી ફિલ્મનું શૂટિંગ અટકી ગયું છે. ત્યારે હવે અલ્લુ અર્જૂનના મેનેજર સરથ ચંદ્ર નાયડૂએ એક્સ પર ખુલાસો કર્યો છે. પુષ્પાની ઈનસાઈડ્સ જાણવા હજારો લોકો આતુર છે. આવા જ એક ફેને સરથ ચંદ્રને ટૅગ કરીને ફિલ્મ રિલીઝ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે સરથ ચંદ્રએ જવાબ આપતાં લખ્યું હતું,''સુકુમાર ગરુએ ફિલ્મના પહેલા ભાગના એડિટિંગનું કામ શરૂ કરી દીધું છે. એડિટીંગ વચ્ચે બ્રેક લેવો એ સામાન્ય બાબત છે.'' જ્યારે વધુ એક યૂઝરે આ બ્રેક અંગે પૂછ્યું તો સરથ ચંદ્રએ પોતાની કમેન્ટમાં વિગતવાર સમજાવ્યું હતું કે પહેલા ભાગના એડિટ સિવાય ડિરેક્ટર સુકુમાર સીજીઆઈ પર પણ કામ કરી રહ્યા છે. તેમણે ફૅન્સને ખાતરી આપી હતી કે ફિલ્મનું કામ યોગ્ય ગતિએ ચાલી રહ્યું છે અને તે તેની નિયત તારીખ મુજબ ૬ ડિસેમ્બરે જ થિએટરમાં રિલીઝ થશે. 'પુષ્પા ધ રાઈઝ' પહેલો ભાગ ૨૦૨૧માં રિલીઝ થયેલો, ત્યારે કોઈ ખાસ પ્રમોશન વિના શાંતિથી ફિલ્મ રિલીઝ થઈ ગઈ હતી પરંતુ ટૂંક સમયમાં તે વખતની સૌથી મોટી સફળ ફિલ્મ બની ગઈ હતી. બધાં જ પ્લેટફર્મ્સ પર ફિલ્મ અને તેના ગીતોને પણ બહુ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે રશ્મિકા મંદાના, ફવાદ ફાઝિલ, અનસૂયા ભારદ્વાજ અને રાવ રમેશ સહિતના કલાકારો હતા.



### 'મૈયાઝગન' દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ ૨૭ સપ્ટેમ્બર જાહેર કરાઈ

# NTRની 'દેવરા'ને ટક્કર આપશે અરવિંદ



અભિનેતા કાર્થિ '૯૬'થી જાણીતા સી.પ્રેમ કુમાર સાથે એક ફિલ્મ 'મૈયાઝગન' કરી રહ્યા છે. આ ફિલ્મમાં અરવિંદ સ્વામી પણ મહત્ત્વના રોલમાં છે. આ ફિલ્મના પહેલાં પોસ્ટરને દર્શકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. જ્યોતિકા અને સૂરિયા દ્વારા આ રાજશેખર સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. હવે 'મૈયાઝગન' દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ ૨૭ સપ્ટેમ્બર જાહેર કરવામાં આવી છે. તેનાથી ફૅન્સને પણ સરપ્રાઈઝ મળી છે. કારણ કે જુનિયર એનટીઆરની પન ઈન્ડિયા રિલીઝ 'દેવરા' પણ આ જ દિવસે રિલીઝ થવાની છે. કાર્થિ તેલુગુ દર્શકોમાં ઘણા લોકપ્રિય છે, તેથી એવી શક્યતા છે કે આ જ દિવસે તેની 'મૈયાઝગન' તમિલ ભાષામાં પણ રિલીઝ થાય. રાજકિરણ, શ્રી દિવ્યા, સ્વાથિ કોંડે, દેવદર્શિનિ, જયપ્રકાશ, શ્રી રંજન, સરન અને રશેલ રેબેકા આ ફિલ્મમાં વિવિધ રોલમાં જોવા મળશે. જ્યારે ગોવિંદ વસંથાએ આ ફિલ્મનું સંગીત આપ્યું છે. આ ફિલ્મ શિવગંગાના કુમ્બાકોનમમાં શૂટ થઈ છે. મૈયાઝગન ઉપરાંત જયમ રવિ અને પ્રિયંકા મોહનના ભાઈપણ આ જ તારીખે ફિલ્મ રિલીઝ કરવા રાહ જોઈ રહ્યા છે. તેથી આ બંને ફિલ્મો વચ્ચે સ્ક્રિન વહેંચાઈ જવાની હરિફાઈ જોવા મળશે. ત્યારે આ બે ફિલ્મો સાથે 'દેવરા' કેટલું સારું કામ કરી શકે તે જોવાનું રહેશે.



### 'ડ્યુનઃ પ્રોફેસી' પ્રિક્વલ શ્રેણીની ઝલકમાં તબુએ મૌન રહીને પણ પોતાની પકડ જમાવી

# 'ડ્યુનઃ પ્રોફેસી' નવેમ્બર મહિનામાં રિલીઝ થશે

તબુના ફૅન્સ માટે ખુશીના સમાચાર છે. 'ડ્યુનઃ પ્રોફેસી'માં તબુનાં પહેલાં લૂકની ઝલક દેખાઈ છે. ગુરુવારે આ ફિલ્મનું બીજું ટીઝર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં તબુનું પાત્ર પણ જોવા મળે છે. એચબીઓની આ ફિલ્મમાં તબુ સિસ્ટર ફ્રાન્સેસ્કાના રોલમાં છે. ટીઝરના અંતમાં તેની ઝલક દેખાઈ હતી, જોકે, ટીઝરમાં તેને કોઈ ડાયલોગ બોલતી નથી દર્શાવાઈ, પરંતુ બ્લેક ડ્રેસમાં તેનું પાત્ર પાવરફુલ દેખાય છે. તે અદબ વાળીને સીધી જ કૅમેરામાં જુએ છે. તબુના પાત્ર સિવાય ટીઝર પરથી ખ્યાલ આવે છે કે બ્લેક ડ્રેસવાળી સિસ્ટરના ગ્રુપને બેની ગેસરીટ દ્વારા એક શક્તિશાળી સામાજિક, ધાર્મિક અને રાજકીય સેના તરીકે તાલીમ આપવામાં આવે છે. આ ટીઝરમાં એમિલી વોટ્સનની વાલ્યા હર્કોનેન પણ દેખાય છે. તે બોલે છે, 'બલિદાન કરવું જ પડશે.' આ ટીઝર યૂટ્યુબ પર શેર કરતાં તેણે લખ્યું, 'ખરી તાકાત નિયંત્રણ સાથે શરૂઆત કરે છે.' કેટલાંક અહેવાલો મુજબ તબુનું પાત્ર 'મજબૂત, બુદ્ધિશાળી અને આકર્ષક છે.' ફિલ્મના મેકર્સ દ્વારા મે મહિનામાં પહેલું ટીઝર રજૂ કરવામાં આવ્યું હતું. આ ટીઝર દર્શકોને સ્ટોરી શરૂ થાય તેના ૧૦ હજાર વર્ષ પાછળ લઈ જાય છે. તે બેને ગેસરીટ સિસ્ટરહૂડની શરૂઆત દર્શાવે છે, જે બહોળા પ્રમાણમાં સત્તા મેળવે છે.



### આ ફિલ્મમાં દિવ્યેન્દુ અને કુશા કપિલા ભાઈ-બહેનનો રોલ કરશે

# કોમેડી ફિલ્મ 'લાઈફ હિલ ગઈ'નું ટ્રેલર રિલીઝ

## ટ્રેલર પરથી અંદાજ આવે છે કે આ ફિલ્મમાં દેવ અને કલકી નામના એવા ભાઈ-બહેનની વાત છે

દિવ્યેન્દુને દર્શકો 'મિર્ઝાપુર'ના મુન્ના ભૈયા અને 'રેલવે મેન'નાં ચોર જેવી ગંભીર ભૂમિકાથી માંડીને 'મડગાંવ એક્સપ્રેસ'માં કોમેડી રોલ સહિત દરેક પાત્રમાં પસંદ કર્યો છે. હવે તેની વધુ એક કોમેડી ફિલ્મ આવી રહી છે. ડિઝની પ્લસ હોટસ્ટાર દ્વારા 'લાઈફ હિલ ગઈ' ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં તેની બહેનમાં રોલમાં કુશા કપિલા જોવા મળશે. ટ્રેલર પરથી અંદાજ આવે છે કે આ ફિલ્મમાં દેવ અને કલકી નામના એવા ભાઈ-બહેનની વાત છે, જેઓ શહેરના એક સમૃદ્ધ પરિવારમાંથી આવે છે, પરંતુ પોતાની સંપત્તિ અને પરિવારની મિલકત મેળવવા માટે તેમને ઉત્તરાખંડના એક ગામડાંમાં રહેવા જવું પડે છે. આ ફિલ્મ આરુષિ નિશંકની હિમશ્રી ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને પ્રેમ મિસ્ત્રી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, તેમજ જસિંત સિંઘ ભાટિયા દ્વારા આ ફિલ્મ લખાઈ છે. આ કોમેડી ફિલ્મ ૯ ઓગસ્ટથી હોટસ્ટાર પર જોઈ શકાશે. કુશા તેની કોમેડી માટે અને દિવ્યેન્દુ તેની કોમિક ટાઈમિંગ માટે જાણીતા તો છે જ સાથે આ ફિલ્મમાં વિનય પાઠક, કબીર બેદી, ભાગ્યશ્રી, મુક્તિ મોહન તેમજ અદિતિ ગોવત્રિકર જેવા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મ અંગે દિવ્યેન્દુએ પોતાના પાત્ર જણાવ્યું હતું,''દેવ જાહોજલાલીભર્યું જીવન જીવવામાં માને છે, એ બહાર ભલે સિંહ બનીને ફરે પણ અંદરથી તે એક ગભરુ અને સંવેદનશીલ વ્યક્તિ છે. મારે કોઈ એવી ફિલ્મ કરવી હતી જેમાં મને મારી કોમેડી અને સોફ્ટ બંને સાઈડ પર કામ કરવાની તક મળે. સ્ક્રીન પર હું અને કુશા ભલે સતત ઝઘડતા રહેતાં પણ ઓફ સ્ક્રિન અમે બંને એકબીજાના પરિવાર જેવા બની ગયા છીએ. આ એક ઉલટાં-સુલટાં પરિવારની સ્ટોરી છે, જે દરેકને સ્પર્શી શકશે.'' કુશા કપિલાએ આ અંગે કહ્યું,''કલકિનું પાત્ર અતિશય રમૂજી, ડાયનેમિક અને દરેકને પોતાનું લાગે એવું છે. જ્યારથી મને આ રોલ સંભળાવવામાં આવ્યો ત્યારથી હું તેના દૃઢ નિશ્ચય, બોસ લૅડીના એટીટ્યુડ, તેની ઓઝૅન્ટિસિટીના પ્રેમમાં પડી ગઈ હતી, જાણે આ રોલ ખાસ મારા માટે જ બન્યો હોય. આ પાત્રનું ઉંડાણ અને તેની દુનિયા અમને સર્જનાત્મર રીતે આઝાદી પણ આપે છે, કે અમે તેમાં અમારી ફ્લેવર ઉમેરી શકીએ છીએ. તેનો તેના પરિવાર સાથેનો સંબંધ બિનશરતી છે, સાથે જ તેનો પ્રેમ અજોડ છે.''




### રિની સેને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા પોતાનો અનુભવ જણાવ્યો

# રિનીએ સોશિયલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા પોતાનો અનુભવ વ્યક્ત કર્યો

વિકી કૌશલ, એમી વિર્ક અને તૃપ્તિ ડિમરીની 'બૅડ ન્યૂઝ' શુક્રવારે રિલીઝ થઈ છે. આ ફિલ્મ સાથે સુષ્મિતા સેનની દિકરી રિની સેન પણ જોડાયેલી છે, તેમાં તેણે ઈન્ટર્ન આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. તેણે આ ફિલ્મમાં કામ કરવાના પોતાના અનુભવ તેમજ આભાર પ્રકટ કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી છે. ઈન્સ્ટાગ્રામ પર તેણે ફિલ્મનાં સ્ક્રિનિંગ વખતની તેમજ સેટ પર તેણે કરેલાં કામ વખતની તસવીરો શેર કરી હતી. તેણે ફિલ્મના ડિરેક્ટર આનંદ તિવારી સાથે પણ એક તસવીર શેર કરી હતી, જેમાં બંને ખુશ દેખાતા હતા. આ સાથે ફિલ્મ ક્રેડિટમાં તેના નામની તસવીર પણ તેણે શેર કરી હતી. એક તસવીરમાં તે વિકી અને તૃપ્તિનો સીન હેન્ડલ કરતી પણ જોવા મળે છે. આ તસવીરોની પોસ્ટમાં તેણે લખ્યું હતું,''બૅડ ન્યુઝના સેટ પર કામ કરવા માટે હું દરેકની ઋણી છું. કોઈ ફિલ્મ સ્કૂલમાં જવા જેટલો સારો અનુભવ હતો...કદાચ તેનાથી પણ સારો...ફિલ્મના અદ્દભુત ક્રૂ પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે અને મેં જીવનભરના મિત્રો બનાવ્યા છે.'' આ અનુભવ બદલ સહુનો આભાર વ્યક્ત કરતાં તેણે લખ્યું, ''હું ડિરેક્ટર આનંદ તિવારીની આભારી છું. આ તક આપવા માટે આભાર અને હું આશા રાખું કે એક દિવસ તમે મને પણ ડિરેક્ટ કરો. મારી આટલી સારી શરૂઆત માટે હું ડિંપલ મેથિઆસ અને અમ્રિતપાલ બિન્દ્રાની આભારી છું.'' આગળ રિનીએ લખ્યું,''મને બધું જ શીખવવા માટે અને બધી જ યાદો માટે અમનનો આભાર...તમે મારી સફરનો મહત્વનો ભાગ રહ્યા છો. ખાસ કરીને આ શક્ય બનાવવા માટે રેશ્મા શેટ્ટી મેમનો આભાર.'' અંતે તેણે લખ્યું,''આપણે કરી બતાવ્યું, ટીમ! બૅડ ન્યૂઝ માટે ચીઅર્સ.'' વિકી કૌશલ, તૃપ્તિ ડિમરી અને એમી વિર્ક-સ્ટારર કોમેડી બેડ ન્યૂઝ જુલાઈ ૧૯ ના રોજ રિલીઝ થઈ ત્યારથી સારો દેખાવ કરી રહી છે. મૂવીને સારા રિવ્યુ મળ્યા હતા અને હવે બોક્સ ઓફિસ નંબરોની દ્રષ્ટિએ પ્રેમ વરસી રહ્યો છે.



### રામ ચરણે સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો

# રામ ચરણની ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ મેલબર્નના એમ્બેસેડર તરીકે પસંદગી

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ઓગસ્ટ ૧૫થી ૨૫ દરમિયાન ૧૫માં ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નનું આયોજન થવાનું છે, જેમાં રામ ચરણને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે, આ અંગે તેણે પોતાના સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો હતો. દર વર્ષે વિક્ટોરિયન સ્ટેટ ગવર્નમેન્ટ દ્વારા આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે, જે વૈશ્વિક સ્તરે ભારતીય સિનેમાની ઉજવણી કરે છે. આઈએફએફએમ દ્વારા સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરવામાં આવી હતી, જેનાથી ફૅન્સ ઘણા ઉત્સુક છે. તેમની જાહેરાતમાં તેમણે ઉત્સાહપૂર્વક રામ ચરણને આવકારીને તેને 'ગ્લોબલ સ્ટાર' ગણાવ્યો હતો. આ પ્રસંગે ભારતીય સિનેમામાં મહત્વના રોલ કરનાર રામ ચરણ માત્ર અતિથિ વિશેષ જ નહીં પરંતુ તેને ભારતીય કલા અને સંસ્કૃતિના એવોર્ડ માટેનો એમ્બેસેડર નીમવામાં આવ્યો છે. તે દર્શાવે છે કે રામચરણના ફિલ્મ ક્ષેત્રે પ્રદાનની વિશ્વકક્ષાએ નોંધ લેવાઈ છે. આ અંગે રામ ચરણે પણ સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો હતો. તેણે લખ્યું હતું, ''આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરવું અને વિશ્વભરના ફિલ્મ રસિકો સાથે સંપર્ક કરવો એ મારા માટે ગૈરવપૂર્ણ વાત છે.'' આ ઈવેન્ટ બાબતે લોકોમાં ઉત્સાહ વધારવા માટે રામ ચરણ ઉત્સુક છે, જ્યાં તે વિશ્વકક્ષાએ ભારતીય સિનેમાનું સાસાંકૃતિક વૈવિધ્ય દર્શાવી શકે. IFFMમાં તેની હાજરી યાદગાર ગણાશે, જે ઉત્કૃષ્ટ સિનેમાની ઉજવણી અને સાંસ્કૃતિક આદાન પ્રદાનની ખાતરી આપે છે. રામ ચરણે છેલ્લે 'આરઆરઆર'માં કામ કરેલું, જેને વિશ્વ સ્તરે નામના મળી. આ ફિલ્મના ગીત 'નાટુ નાટુ'ને વિશ્વ કક્ષાએ લોકોએ વખાણ્યું અને તેને ઓસ્કાર અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યા.






# ચાંદીપુરા વાયરસના સંક્રમણ સામે તબીબી-નર્સિંગ સ્ટાફને સજ્જ કરવા નવી સિવિલ હોસ્પિટલમાં વર્કશોપ યોજાયો





। (માહિતી) સુરત, તા.૨૨ ।

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ચાંદીપુરા (એક્કેફેલાઈટીસ) વાયરસના કેસો નોંધાયા છે, ત્યારે ચાંદીપુરા વાયરસના સંક્રમણ સામે તબીબી-નર્સિંગ સ્ટાફને સજ્જ કરવા નવી સિવિલ હોસ્પિટલના અધિક્ષકની કચેરીના સભા ખંડમાં નર્સિંગ સ્ટાફ માટે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં સિવિલના બાળરોગ વિભાગના વડા ડો.જિગીષા પાટડીયાએ જણાવ્યું હતું કે, ચાંદીપુરા (એક્કેફેલાઈટીસ) એક ઈન્દ્રછ વાયરસ છે. તે ૯ માસ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને પ્રભાવિત કરે છે. બાળકના મગજ પર વધુ અસર કરે છે. વાયરસના ફેલાવા માટે સેન્ડફલાય(માખી) જવાબદાર છે. બાળકને સખત તાવ આવવો, ઝાડા-ઉલટી થવા, માથા નો દુખાવો, ખેંચ આવવી, અર્ધબેભાન કે બેભાન થવું એ ચાંદીપુરાના લક્ષણો છે. જો લક્ષણો દેખાય તો નજીકના સરકારી દવાખાને દર્દીને તાત્કાલિક લઈ જઈ સારવાર કરાવવી આવશ્યક છે. સિવિલ તંત્રની તૈયારીઓ વિષે ડો.પાટડીયાએ જણાવ્યું હતું કે, સિવિલની કિડની બિલ્ડીંગના પ્રથમ માળે ૨૦ બેડનું પીડિયાટ્રીક ઈન્ટેન્સિવ કેર યુનિટ સિવિલ ખાતે કાર્યરત છે તે ઉપરાંત પરિસ્થિતિને પહોંચી વળવા બીજા ૧૦ બેડની તૈયારી તંત્રએ કરી દીધી છે, જેમાં ચાંદીપુરા વાયરસના કોઈ પણ શંકાસ્પદ કેસની સારવાર કરવામાં આવશે. અહીં વેન્ટિલેટર્સ, ઓક્સિજન અને દવાઓની પૂરતી વ્યવસ્થા સાથે ડોક્ટરોની ટીમ, નર્સિંગ અને સપોર્ટ સ્ટાફ શંકાસ્પદ ચાંદીપુરા સંભવિત બાળદર્દીઓની સારવાર માટે સજ્જ છે. આ યુનિટમાં છ થી સાત તબીબોની ડેડીકેટેડ ટીમ ૨૪૭૭ ઉપલબ્ધ રહેશે. ખાસ કરીને ઈમરજન્સીની સ્થિતિમાં બાળકોના તબીબોની એક ખાસ ટીમ તૈનાત કરાઈ છે.

વાયરસ સામે કાળજી રાખવા અંગે વધુમાં તેમણે કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના ચેપથી બચવા માટે બાળકોને શકય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધૂળમાં) રમવા દેવા નહી. બાળકોને જંતુનાશક દવાયુકત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખવો. સેન્ડ ફલાયથી બચવા ઘરની અંદર તથા બહારની દિવાલોની તિરાડો, છિદ્રોને પુરાવી દેવા.મચ્છર-માખીઓનો ઉપદ્રવ અટકાવવા સમયસર જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો. આ વર્કશોપમાં સરકારી મેડિકલ કોલેજના ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટ, તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમાર, આર.એમ.ઓ ડો.કેતન નાયક, ગાયનેક વિભાગના વડા ડો.રાગિણી વર્મા, ટીબી ચેસ્ટ વિભાગના વડા અને નર્મદ યુનિ.ના બોર્ડ મેમ્બર ડો.પારૂલ વડગામા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ સર્વશ્રી સિમંતી ગાવડે, વાંસતી નાયર, સિવિલ હોસ્પિટલના અશ્વિન પંડ્યા, નિલેશ લાઠીયા સહિત હેડનર્સ, સ્ટાફનર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# કલર્સ ગુજરાતીના યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાતના સેટ્સ પર સાના શેખને રાજ અનડકટ ભાષા શીખવે છે

। અમદાવાદ, તા.૨૨ ।

કલર્સ ગુજરાતી અસ્સલ ગુજરાતીનું અસ્સલ એન્ટરટેઈનમેન્ટની ખૂબી સાથે તેની આગામી ઓફર યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાત સાથે પ્રાદેશિક મનોરંજનને નવી ઊંચાઈ પર લઈ જવા માટે સુસજ્જ છે. આ શોમાં રોચક વાર્તાકથન, અસલ ઓન-લોકેશન શૂટ અને અનુભવી કલાકારો થકી પરંપરા અને આધુનિકતાનું આંતરગૂથણ બહુ જ સૂઝબૂઝપૂર્વક કરવામાં આવ્યું છે. કે (સંસ્કૃતિ)ની ભૂમિકામાં સાના શેખ સાથે રાજ અનડકટ, રાગિણી શાહ, સિદ્ધાર્થ રાંદેરિયા, અપરા મહેતા અને વંદના વિઠલાણી જેવા અનુભવી કલાકારોને લઈ આ શો પ્રાદેશિક ટેલિવિઝન પર નવું સીમાચિહન સ્થાપિત કરવા માટે સુસજ્જ છે. ગુજરાતી ટેલિવિઝન પર પદાર્પણ કરતાં સાના શેખે શૂટ દરમિયાન ગુજરાતી ભાષાની નાજુકતાને હાથ ધરવા માટે મદદરૂપ થવા સાથ આપનારા સહ-કલાકાર રાજ અનડકટની સરાહના કરી હતી. સાના ભારપૂર્વક કહે છે, “હું જ્યારે પણ ગુજરાતી ભાષાને લઈ અટવાઈ ગઈ ત્યારે રાજે બહુ જ કુશળતાથી આસાન વિકલ્પો સાથે મારું માર્ગદર્શન કર્યું, જેને લઈ મને બહુ મદદ થઈ. મારી ગુજરાતી ભાષા પર સમયાંતરે પકડ સારી થશે તેવો મને વિશ્વાસ છે ત્યારે તેણે આ વહેલી તબક્કામાં ટેકો



આપવામાં કોઈ કસર બાકી નહીં રાખી.’’

ભાષા અને સંસ્કૃતિને ઊંડાણથી જોડતાં તેણે અનેક મહિલાઓ સુધી વ્યાવસાયિક ગુજરાતી ભાષાના પાઠ લેવા માટે પોતાને સમર્પિત કરી હતી, પોતાની ભાષા પર કુશળતા નિખારીને વધુ સારો અને અસલ અભિનય દર્શાવવા માટે કોઈ કસર બાકી રાખી નહોતી.

‘યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાત’ કેનો હૃદયસ્પર્શી પ્રવાસ છે, જે ભૂમિકા સાના શેખે ભજવી છે. તે પોતાનાં મૂળને પારખે છે અને માતા યમુના (અમી ત્રિવેદી) અને દાદી બા (રાગિણી શાહ)ને એકત્ર કરવા માટે કામ કરે છે. રાજ અનડકટ કેશવની ભૂમિકા ભજવે છે, જે કે સાથે ખાટામીઠા સંબંધો ધરાવે છે, જે દર્શકો માટે ગતિશીલતા ઉમેરીને ખાતરીદાયક મનોરંજન આપશે.

# ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજની કાર્યકારિણી બેઠક માંડલેશ્વર મહાદેવ મંદિરે યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજની કાર્યકારિણી બેઠક તારીખ ૨૧-૦૭-૨૦૨૪ રવિવારના રોજ સાંજે ૬ કલાકે માંડલેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાઈ હતી. આ બેઠક ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજના પ્રમુખ વિજય સનાડ્યના અધ્યક્ષ સ્થાને કરવામા આવી હતી, જેમાં મહામંત્રી પંકજ પંડિત, ખજાનચી વિજય શર્મા તેમજ સીમાવર્તી બ્રહ્મ સમાજના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

મીટિંગની શરૂઆત મંત્રોચ્ચાર કરી ચાલુ કરવામાં આવેલ હતી. મીટિંગમાં સમાજના સંગઠને મજબૂત બનાવવા જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સમાજ સાથે આગળ વધી એક બીજાને મદદરૂપ થઈએ તથા સમાજને વધુ મજબૂત બનાવવા પારિવારીક ટુરનુ આયોજન કરવું, રક્ષાબંધનના પવિત્ર દિવસે સામૂહિક જનોઈ સંસ્કાર ધાર્મિક વિધિ અનુસાર તેમજ જનોઈ મેળવવા જેવા આગામી કાર્યક્રમોની ચર્ચા કરાઈ હતી તેમજ સમાજની કામગીરીને વધુ મજબૂત કરવા નવા સભ્યો કોપ્ટ કરવામાં આવ્યા હતા અને સમગ્ર વર્ષ દરમિયાન સમાજ દ્વારા કરવામાં આવનાર કાર્યની રૂપરેખા તૈયાર કરવામા આવી હતી. મીટીંગમાં થયેલ દરેક ચર્ચા અને કામગીરીને ઉપસ્થિત દરેક કાર્યકારિણી મેમ્બરોએ સમર્થન આપ્યું હતું અને મીટીંગને પૂર્ણ કરવામાં આવી હતી. છેલ્લે માંડલેશ્વર મહાદેવ મંદિરે દરેક ભૂદેવોએ આરતી કરી મહાપ્રસાદ સાથે લીધો હતો.

# ઝાલોદ સાઈસર્જન સોસાયટી ખાતે ભાજપ મહિલા મોરચા દ્વારા ગૌરીવ્રતની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

આજ રોજ તારીખ ૨૧/૭/૨૦૨૪ને રવિવારના રોજ ભારતીય જનતા પાર્ટી ઝાલોદ શહેર વોર્ડ નંબર ૪ સાઈ સર્જન સોસાયટી માં મહિલા મોરચાની બહેનો દ્વારા ગૌરીવ્રત નિમિત્તે ગૌરીવ્રત કરતી બાળાઓનું પૂજન કરી ફળફળાદી નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝાલોદ ભાજપા મહિલા મોરચાના મહામંત્રીજીગનીશાબેન પંચાલ, રૂપલબેન દરજી, રંજનબેન પરમાર તેમજ મોરચાની અન્ય બહેનો મોટી માત્રામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઝાલોદ એસ.ડી.એચ હોસ્પિટલ ખાતે હિપેટાંટીસ ડે નિમિત્તે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

આજ રોજ ૨૨-૦૭-૨૦૨૪ સોમવારના રોજ ડી.ટી.એચ.ઓ અને ડો.આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ તેમજ ટી.એચ.ઓના સહયોગ થી એસ.ડી.એચ હોસ્પિટલ ઝાલોદ ખાતે હિપેટાંટિસ ડે નિમિતે હેલ્થ કેમ્પ કરવામા આવ્યો જેમાં હોસ્પિટલના ડો.માધવ, ડો.મેગા, ડો અંજલિ, ડો. ધવલ તેમજ હોસ્પિટલના તમામ નર્સિંગ સ્ટાફના સાથ સહયોગથી હેલ્થ કેમ્પ કરવામાં આવ્યો અને જેમા હીપેટાંટિસ, એચ.આઈ.વી, આર.પી.આરના ટેસ્ટ કરવામાં આવ્યા અને દર્દીઓને સારવાર આપવામાં આવી જેમાં આઈ.સી.ટી કાઉન્સેલર હેતલબેન, એસ.ટી.આઈ કાઉન્સેલર અનિલભાઈ તેમજ લેબ ટેક્નસિઅન ડામોર પ્રકાશભાઈ હાજર રહ્યા અને તમામ દર્દીઓને હિપેટાંટિસની સમજણ આપવામાં આવી હતી.

# અખિલ ભારતીય ગાયત્રી પરિવાર લીમડી દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

આજ રોજ તારીખ ૨૧/૦૭/૨૦૨૪ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગાયત્રી પરિવાર લીમડી દ્વારાં ઉજવણી કરવામાં આવી જેમાં દાહોદ જિલ્લા ગાયત્રી પરિવારના સહ્યોજક ગોપીચંદ ભુરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ ગાયત્રી પરિવારે ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ, ગર્ભ સંસ્કાર, ગુરુદીક્ષા જેવા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લીમડી ગામની આસપાસના તમામ ગામના પરિજનો સહ હર્ષ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો ગોપીચંદ ભુરીયા, રસૂલભાઈ, વનરાજભાઈ લબાના, ગાયત્રી પરિવાર વરિષ્ઠ કાર્યકર્તા હજાર રહ્યા હતા.

# મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સંતરામપુર નગરમા આવેલ ગાયત્રી શક્તિપીઠ મુકામે ગુરુપૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી



તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર





। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૨૨ ।

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર આયોજિત આસપાસના વિસ્તારમાંથી ગાયત્રી પ્રજ્ઞા મંડળ, મહિલા મંડળ તથા યુવા મંડળ અને ભાવિક ભક્તો દ્વારા ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે ઉપસ્થિત રહી ભાવવિભોર બન્યા હતા. પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞમાં વિશેષ આહુતિ અર્પણ કરવામાં આવી હતી.આજે ગુરુપૂર્ણિમા છે ત્યારે સમગ્ર દેશ અને રાજ્યમાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. સવારે ગાયત્રી શક્તિપીઠમાં ગુરુપાદુકા પૂજન ગુરુદેવ માતાજીનું પૂજન પ્રખર પ્રજ્ઞા સજન શ્રદ્ધાનું પૂજન કરવામાં આવ્યું હતું.

આજના દિવ્ય પ્રસંગે વ્યાસપીઠથી જણાવવામાં આવ્યું કે શીષ આપે ગુરુ મિલે તો ભી સસ્તા જાન આ વાક્યને ચરિત્રાર્થ કરવા માટે આપણે સૌ ભેગા મળી યુગ નિર્માણ ના ગુરુદેવના સંકલ્પને સાકાર કરવા માટે સપ્ત સૂત્રી આંદોલનને ગતિવાન બનાવવા વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ થકી દેશને ઉન્નત કરવા માટે તેમજ આવનાર ૨૦૨૬ સુધીના સમયમાં વંદનીયા માતાજી ભગવતી દેવી શર્મા જન્મ શતાબ્દી મહોત્સવ તથા દિવ્ય અખંડ દીપક શતાબ્દી સમારોહ ની તૈયારી માટે સમયદાન અંશદાન આપવા માટે બધા પરિજનોએ ખૂબ જ ભાવપૂર્ણ તૈયારી કરવા માટે યુગ સંદેશ ગ્રહણ કર્યો હતો.

વધુમાં સર્વ પરિજનો દ્વારા યજ્ઞ માં આહુતી આપી ધન્યતા અનુભવી અને નવીન વ્યક્તિઓ દ્વારા ૧૫૦ ગુરુ દીક્ષા, ૨ વિદ્યારંભ સંસ્કાર, ૩ મુંડન સંસ્કાર વગેરે વિવિધ સંસ્કારો કરવામાં આવ્યા. ૧૦૦૦ જેટલા ભાવિક ભક્તોએ લાભ લીધો. ગુરુપૂર્ણિમાના શુભટાણે હરિયાળી ક્રાંતિ માટે દરેક પરિવારજનોએ જેટલા સભ્ય તેટલા વૃક્ષ વાવવા અને જતન કરવા સંકલ્પિત બન્યા હતા. સોનામાં સુગંધ ભળે તેમ ગાયત્રી પરિવારના વરિષ્ઠ ભાઈ શ્રી સોમાભાઈ ડામોર તથા શ્રીમતી જશોદાબેન ની દિગવંત પુત્રી રેણુકા ના સ્મરણાર્થે ૪૦૦ ફળાઉ વૃક્ષના છોડનું વૃક્ષદાન કરવામાં આવ્યું હતું જન્મ શતાબ્દી ૨૦૨૬ સુધી નિયમિત સમયદાન અંશદાન માટે પરિવારજનો સંકલ્પિત બન્યા હતા ૫૦ જેટલા બાળસંસ્કાર શાળા ચલાવવા માટે પણ કટિબદ્ધ બન્યા હતા. જન્મ શતાબ્દી ૨૦૨૬ સુધી ગામેગામ દીપ યજ્ઞના માધ્યમ દ્વારા ગામમાં જેટલા ઘરો તેટલી થાળીમાં દિપક લઈને પધારીને યુગ યજ્ઞ પદ્ધતિ દ્વારા અખંડ દીપ જ્યોતિ કળશનો પ્રચાર કરવા નક્કી કરવામાં આવ્યું હતું.

ગાયત્રી મહાયજ્ઞ ના અંતે મહા આરતી ના શુભ ટાણે કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા જેમને રાષ્ટ્ર નિર્માણ માટે ગુરુદેવના નિર્દેશ હેઠળ આપણે બધાએ ચાલવા નમ્ર અનુરોધ કર્યો હતો શક્તિપીઠ ખાતે ગુરુકુળ જેવું વાતાવરણ બનાવવા માટે જણાવ્યું હતું. માનગઢ ક્ષેત્રમાં ગાયત્રી પરિવારનું કાર્ય ઘણું જ સુંદર ચાલી રહ્યું છે તે માટે સૌ સક્રિય ગાયત્રી પ્રજ્ઞા મંડળ નો આભાર માન્યો હતો.આ કાર્યક્રમનું સફળ સંચાલન તેમજ ગુરુદેવનો યુગ સંદેશ ગાયત્રી શક્તિપીઠ સંતરામપુરના વ્યવસ્થાપક શ્રી રામજીભાઈ ગરાસીઆએ પાઠવ્યો હતો સૌ પરિજનો એ ભોજન પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. આ કાર્યક્રમમાં ગાયત્રી શક્તિપીઠ ટ્રસ્ટી નાથાભાઈ ડામોર, ગુલાબસિંહ બારીયા, સકજીભાઈ ડામોર, પ્રવીણભાઈ રાવત પારસિંગ ભાઈ ડોડીયાર તથા નીતિનભાઈ ભાભોર વગેરે એ સુંદર સહયોગ આપ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારી હિંમત પ્રેમ અપાવશે. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
બ્લ્ડ પ્રેશરના દરદીઓએ આજે કઈપણ ખાતા પહેલા ધ્યાન રાખવાની જરૂર છે. આનાથી તેમને શારીરક તકલીફોમાંથી દૂર રહેવામાં વધુ મદદ મળશે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**કર્ક (ડ,હ) :**
આજે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે કોઈ નજીકના મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. કોઈ પણ મુદ્દો હોય તેની પરિવારના સભ્યો સાથે ચર્ચા કરો. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મોજ-મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. તમારી યોજનાઓને વળગી રહેવા તમારા ભાગીદારોને સમજાવવામાં તમને મુશ્કેલી પડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે સવારથીજ તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશે. પ્રેમમાં હોવાની સ્વર્ગીય અનુભૂતિ તમને આજે થશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન અને વાણી લોકોનું ધ્યાન આકર્ષિત કરશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે પરંતુ તમે તે પૂરા કરી શકશો નહીં, જેના કારણે તમારો પ્રિયતમ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે કોઈક વાત પર તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવાની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારા ખાસ મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. તમારા પ્રિયપાત્રનું. વિવાદો અથવા ઑફિસમાંનું રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારૂં વર્ચસ્વ ધરાવશો.

## ઉત્તરાખંડની ધામી સરકારે અગ્નિવીરોને આપ્યા સારા સમાચાર

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૨૨ ।

હરિયાણાની તર્જ પર ઉત્તરાખંડની ભાજપ સરકારે પણ અગ્નિપથ યોજના હેઠળ નિવૃત્ત થનારા યુવાનોને રાજ્ય સરકારની નોકરીઓમાં અનામત આપવાની જાહેરાત કરી છે. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ રાજ્ય સેવાઓમાં અગ્નિશામકો માટે અનામતની જાહેરાત કરી. સીએમએ અધિકારીઓને પ્લાન તૈયાર કરવા જણાવ્યું છે. આ ઉપરાંત કૌશલ્ય વિકાસ યોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે.અગ્નિવીર યોજનાને લઈને દેશભરમાં રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. દરમિયાન, ઉત્તરાખંડ સરકારે કહ્યું છે કે તેઓ અગ્નિવીરને રાજ્ય સેવાઓમાં સામેલ કરવા અને તેમના સુરક્ષિત ભવિષ્યની ખાતરી કરવા માટે એક વ્યાપક યોજના તૈયાર કરી રહ્યા છે.આ વર્ષે જૂનમાં સીએમ ધામીએ અધિકારીઓને રોડમેપ તૈયાર કરવાની સૂચના પણ આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે નિવૃત્ત થતા અગ્નિશામકોને રાજ્ય સરકારની સેવાઓમાં કેવી રીતે સામેલ કરવામાં આવશે તે અંગેનો રોડમેપ બનાવવો જોઈએ. સૈન્યને રોજગાર આપવા માટે એક મજબૂત કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.આ યોજનામાં ઉત્તરાખંડ પોલીસ અને અન્ય રાજ્ય સરકારના વિભાગોમાં અગ્નિવીરની ભરતી માટેની દરખાસ્તોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં નિવૃત્ત અગ્નિશામકોને રોજગાર સંબંધિત તાલીમ આપવા માટે કૌશલ્ય વિકાસ કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ધામીએ અધિકારીઓને આ દરખાસ્તો જલ્દી તૈયાર કરવા સૂચના આપી છે. સીએમએ કહ્યું કે જો જરૂર પડશે તો આગામી વિધાનસભા સત્રમાં આને ગૃહના ટેબલ પર રજૂ કરી શકાય છે.સીએમએ કહ્યું કે ઉત્તરાખંડ એક એવું રાજ્ય છે જ્યાં ભારતીય સેનામાં મોટા પાયે યુવાનોની ભરતી થાય છે. સેનામાં ચાર વર્ષની સેવા પૂરી કર્યા બાદ અગ્નિવીરોને રોજગારી આપવામાં રાજ્ય સરકાર કોઈ કસર છોડશે નહીં. અગ્નિશામકોને તેમની સેવા પછી રોજગારીની પૂરતી તકો મળે તે સુનિશ્ચિત કરવા સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ યુવાનોને રોજગાર આપવામાં કોઈ કસર છોડશે નહીં, જેથી તેઓ રાજ્યના વિકાસમાં યોગદાન આપી શકે. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડશે તો આ યોજના માટે અનામતની જોગવાઈઓ અથવા નવા કાયદાઓ પર વિચાર કરવામાં આવશે.

## બિલ્ડિંગના બીજા માળેથી પડીને મહિલાનું મોત થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના દ્વારકામાં એક બિલ્ડિંગના બીજા માળેથી પડી જતાં એક મહિલાનું મોત થયું હતું. મહિલાના પિતાએ તેના જમાઈ પર તેની પુત્રીની હત્યાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેણે તેને બાલ્કનીમાંથી નીચે ધક્કો માર્યો જેના કારણે તેનું મોત થયું. પોલીસ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને કેસની તપાસમાં વ્યસ્ત છે. દિલ્હીના દ્વારકામાં એક ૨૯ વર્ષીય મહિલાનું બિલ્ડીંગની બાલ્કનીમાંથી પડી જવાથી મોત થયું હતું. મૃતકના પિતાનો આરોપ છે કે તેના પતિએ તેને કાકરોલા વિસ્તારમાં બીજા માળની બાલ્કનીમાંથી ધક્કો માર્યો હતો. પોલીસે રવિવારે આ જાણકારી આપી. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર ૧૯ અને ૨૦ જુલાઈની રાત્રે દ્વારકા નોર્થ પોલીસ સ્ટેશનમાં એક ઈમારત પરથી પડી જવાનો કોલ આવ્યો હતો. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે મહિલા લોહીથી લથપથ મળી આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાં ડોક્ટરોએ મહિલાને મૃત જાહેર કરી.અધિકારીએ કહ્યું કે દ્વારકાના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા આ મામલે મેજિસ્ટ્રેટની તપાસ પણ કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું, હજુ તપાસ ચાલુ છે. પોસ્ટ મોર્ટમ અને એસડીએમનો રિપોર્ટ આવ્યા બાદ પોલીસ તે મુજબ કાર્યવાહી કરશે.તમને જણાવી દઈએ કે ત્રણ દિવસ પહેલા જ એક મહિલાએ દિલ્હીના ઉત્તમ નગર વેસ્ટ મેટ્રોમાંથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. એક મહિલા મેટ્રો સ્ટેશન પ્લેટફોર્મ પરથી નીચે રોડ પર કૂદી પડી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે ગુરુવારે બપોરે એક મહિલાએ ઉત્તમ નગર પશ્ચિમ મેટ્રો સ્ટેશનના ઊંચા પ્લેટફોર્મ પરથી નીચે કૂદી પડ્યું હતું જેના કારણે તે ખરાબ રીતે ઘાયલ થઈ હતી.

### 'કમલા હેરિસને હરાવવાનું સરળ છે...' । અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને બધાને ચોંકાવી દીધા અને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી ખસી જવાની જાહેરાત કરી

# ટ્રમ્પે પ્રમુખપદની ઉમેદવારીમાંથી બિડેનના ખસી જવા પર નિવેદન

। (એજન્સી) અમેરિકા, તા.૨૨ ।

અમેરિકાના રાજકારણમાં રવિવારે એક મોટી ઘટના સામે આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને બધાને ચોંકાવી દીધા અને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી ખસી જવાની જાહેરાત કરી. જૂનમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે રાષ્ટ્રપતિ પદની ચર્ચા બાદ તેમના પર ઉમેદવારી પાછી ખેંચી લેવાનું સતત દબાણ હતું. આવી સ્થિતિમાં, રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીમાંથી ખસી જવાના અને કમલા હેરિસને સમર્થન આપવાના તેમના અચાનક નિર્ણયથી દરેકને આશ્ચર્ય થયું છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે બિડેનની આ જાહેરાત પર દેશ અને વિશ્વના નેતાઓ શું કહે છે? રિપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે બિડેનની ઘોષણા પર ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું કે બિડેન ચોક્કસપણે આ પદ માટે લાયક નથી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથસોશિયલ પર પોસ્ટ કરતા, ટ્રમ્પે બિડેનને અમેરિકન ઈતિહાસના સૌથી ખરાબ રાષ્ટ્રપતિ ગણાવ્યા અને કહ્યું કે બિડેનની આસપાસના લોકો, તેમના ડૉક્ટરો અને મીડિયા પણ જાણતા હતા કે તે (બિડેન) રાષ્ટ્રપતિની





ચૂંટણી લડવા માટે લાયક નથી. અમે તેમના રાષ્ટ્રપતિ બનવાથી ઘણું સહન કર્યું છે, પરંતુ તેમના આ પદ પર રહેવાથી અમને જે નુકસાન થયું છે તે અમે ટૂંક સમયમાં સમારકામ કરીશું. અમે અમેરિકાને ફરી મહાન બનાવીશું.ટ્રમ્પે કહ્યું કે તેઓ જૂઠાણા અને ફેક ન્યૂઝના આધારે જ રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા, તેઓ પોતાના ભોંયરામાંથી પણ બહાર નથી આવ્યા. ડોકટરો અને મીડિયા સહિત તેમની આસપાસના દરેક જણ જાણતા હતા કે તેઓ રાષ્ટ્રપતિ પદ માટે સક્ષમ નથી અને નથી.તેમણે કહ્યું કે હવે જુઓ કે તેઓએ આપણા દેશનું શું કર્યું છે, લાખો લોકો આપણી સરહદ પાર કરી રહ્યા છે, જેમની ન તો તપાસ થઈ રહી છે અને ન તો તપાસ થઈ રહી છે. ઘણા જેલ અને માનસિક આરોગ્ય સંસ્થાઓમાંથી આવી રહ્યા છે. આતંકવાદીઓ રેકોર્ડ સંખ્યામાં આવી રહ્યા છે. અમે તેમના પ્રમુખ પદને કારણે ખૂબ જ સહન કરીશું, પરંતુ તેમણે જે નુકસાન કર્યું છે તે અમે ટૂંક સમયમાં પૂર્વવત કરીશું. ટ્રમ્પે પણ બિડેનના સ્થાને કમલા હેરિસને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવાના સમર્થનમાં કહ્યું હતું કે બિડેન કરતાં કમલા હેરિસને હરાવવાનું સરળ રહેશે.જો બિડેન મારા જીવનકાળમાં સૌથી ખરાબ રાષ્ટ્રપતિ રહ્યા છે અને કમલા હેરિસ દરેક પગલામાં તેમની સાથે રહ્યા છે. છેલ્લા ચાર વર્ષોમાં તેણીએ બિડેનની ખુલ્લી સરહદ અને લીલી કૌભાંડની નીતિઓ પર સહ સહી કરી હતી જેણે આવાસ અને કરિયાણાની કિંમતમાં વધારો કર્યો હતો. તેણી આ બધાની માલિકી ધરાવે છે.

### અંજુમન એરેન્જમેન્ટ કમિટીએ હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો છે

# ૨૩ જુલાઈએ સુપ્રિમ કોર્ટમાં જ્ઞાનવાપી કેસની સુનાવણી થશે

### છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

જ્ઞાનવાપી સંકુલમાં વ્યાસજીના ભોંયરામાં સ્થિત દેવી-દેવતાઓની સેવા અને પૂજાના મામલામાં સુપ્રીમ કોર્ટ ૨૩ જુલાઈએ સુનાવણી કરશે. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો હતો. વ્યાસ જીના ભોંયરામાં પૂજા સામે મસ્જિદ બાજુની અરજી પર કોર્ટે ટ્રાયલ કોર્ટના અરજદાર શૈલેન્દ્ર વ્યાસને નોટિસ પાઠવી હતી. કાશીના જ્ઞાનવાપી સંકુલમાં વ્યાસજીના ભોંયરામાં સ્થિત દેવી-દેવતાઓની સેવા અને પૂજાના મામલામાં સુપ્રીમ કોર્ટ ૨૩ જુલાઈ, મંગળવારના રોજ સુનાવણી કરશે. દેશના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બનેલી બેંચ આ કેસની સુનાવણી કરશે.અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ અંજુમન વ્યવસ્થા સમિતિએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો.વ્યાસ જીના ભોંયરામાં પૂજા સામે મસ્જિદ બાજુની અરજી પર કોર્ટે ટ્રાયલ કોર્ટના અરજદાર શૈલેન્દ્ર વ્યાસને નોટિસ પાઠવી હતી. વારાણસીની



જિલ્લા અદાલતે વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાની પરવાનગી આપી હતી. અંજુમન એરેન્જમેન્ટ મસ્જિદ કમિટીએ તેની સામે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જોકે, હાઈકોર્ટે જિલ્લા અદાલતના નિર્ણય પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો હતો.કાશી વિશ્વનાથ મંદિર અને જ્ઞાનવાપી મસ્જિદનો વિવાદ મોટાભાગે અયોધ્યા વિવાદ જેવો જ છે. જો કે, અયોધ્યાના કિસ્સામાં, એક મસ્જિદ બનાવવામાં આવી હતી અને આ કિસ્સામાં મંદિર અને મસ્જિદ બંને બનાવવામાં આવ્યા છે. કાશી વિવાદમાં હિન્દુ પક્ષનું કહેવું છે કે ૧૬૬૯માં મુઘલ શાસક ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરને તોડીને અહીં જ્ઞાનવાપી મસ્જિદ બનાવી હતી.

### ધ્વજ ઉતારીને સળગાવવાનો પ્રયાસ કર્યો

# અફઘાનિસ્તાનોએ જર્મનીના ફ્રેન્કફર્ટમાં પાકિસ્તાની કોન્સ્યુલેટ ઉપર હુમલો કર્યો

### જર્મનીમાં પાકિસ્તાની કોન્સ્યુલેટ પર અફઘાન નાગરિકોએ કથિત રીતે હુમલો કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

જર્મનીના ફ્રેન્કફર્ટમાં પાકિસ્તાની કોન્સ્યુલેટ પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે તે અફઘાન નાગરિક છે. હુમલાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે કેટલાક લોકો કોન્સ્યુલેટમાંથી પાકિસ્તાની ધ્વજ હટાવી રહ્યા છે અને અફઘાન ધ્વજ લગાવી રહ્યા છે. પાકિસ્તાન સરકારે આ હુમલાની સખત નિંદા કરી, તેને "ઉગ્રવાદીઓની ટોળકી" દ્વારા કરાયેલી કાર્યવાહી ગણાવી અને જર્મન સત્તાવાળાઓને સંડોવાયેલા લોકોની ધરપકડ કરવા અને તેમની સામે કાર્યવાહી કરવા તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી.ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે પાકિસ્તાની કોન્સ્યુલેટની પાસે મોટી ભીડ એકઠી થઈ ગઈ છે. તેઓ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તેમાંથી એક કોન્સ્યુલેટની બહાર ધ્વજ ઉતારે છે. આ દરમિયાન એક વ્યક્તિ ત્યાં આવે છે અને તેને ભગાડી જવાનો પ્રયાસ કરે છે. દરમિયાન પ્રદર્શનકારીઓએ પાકિસ્તાની ઝંડાને



સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે ત્યાં હાજર પ્રદર્શનકારીઓ અફઘાનિસ્તાનના જૂના ઝંડા સાથે પ્રદર્શન કરી રહ્યા છે.પાકિસ્તાન સરકારે પણ આ ઘટના પર જર્મન સરકાર સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો અને રાજદ્વારી પરિસરની સુરક્ષા માટે વિયેના કન્વેન્શન હેઠળ તેમની જવાબદારી યાદ અપાવી. પાકિસ્તાન સરકાર તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અમે જર્મન સરકાર સામે અમારો સખત વિરોધ વ્યક્ત કરીએ છીએ અને તેમને વિયેના કન્વેન્શન હેઠળ તેમની જવાબદારીઓ નિભાવવા માટે તાત્કાલિક પગલાં ભરવાની અપીલ કરીએ છીએ."

# મહારાષ્ટ્રમાં વરસાદનો મુશળધાર 'ફટકો'...

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

આગામી કેટલાક કલાકોમાં મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો આવવાનો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આગામી ૩ કલાકમાં મુંબઈ, પાલઘર, રાયગઢ રત્નાગિરી, સિંધુદુર્ગ, થાણે અને સાતારાના ઘાટોમાં અલગ-અલગ સ્થળોએ મધ્યમ વરસાદની સંભાવના છે.નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) એ કહ્યું, "અમે વસઈ (પાલઘર), થાણે, ઘાટકોપર, પવઈ (કુર્લા), મહાડ (રાયગઢ), ખેડ અને ચિપલુણ (રત્નાગિરી), કુડાલ (સિંધુદુર્ગ), કોલ્હાપુરમાં ઈમરજન્સી ઓર્ડર જારી કર્યા છે. ચોમાસાની સિઝનમાં NDRFની ટીમો સાંગલી અને સાતારામાં તૈનાત કરવામાં આવી છે. એનડીઆરએફની ટીમો નીચાણવાળા વિસ્તારો અને ભૂસ્ખલનની સંભાવના ધરાવતા વિસ્તારોમાં તપાસ કરીને કોઈપણ કટોકટીની પ્રતિક્રિયા માટે એલર્ટ પર છે. અગાઉ ૨૧ જુલાઈના રોજ મુંબઈ અને દરિયાકાંઠાના કોંકણ



પ્રદેશ સહિત મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી એકનાથ શિંદેએ રવિવારે અધિકારીઓને હાઈ એલર્ટ પર રહેવા જણાવ્યું હતું. શિંદેએ જણાવ્યું હતું કે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, સ્થાનિક વહીવટીતંત્ર, મ્યુનિસિપલ સંસ્થાઓ, પોલીસ વગેરેએ ભારતીય હવામાન વિભાગ પાસેથી હવામાન વિશે નિયમિત અપડેટ્સ લેવું જોઈએ અને નાગરિકોને રાહત આપવા માટે જરૂરિયાત મુજબ યોજનાઓ બનાવવી જોઈએ. તેમણે કહ્યું કે અકસ્માતગ્રસ્ત વિસ્તારોનું સર્વેક્ષણ કરવું જોઈએ, પૂર નિયંત્રણ પદ્ધતિઓ અપનાવવી જોઈએ અને જરૂરિયાત મુજબ ટ્રાફિકના માર્ગો બદલવા જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા જારી કરાયેલા અપડેટ્સ નિયમિતપણે નાગરિકો સાથે શેર કરવા જોઈએ. તેમણે અધિકારીઓને કહ્યું કે ખોરાક, દવા અને રાહત સામગ્રીનો સ્ટોક પર્યાપ્ત માત્રામાં રાખવામાં આવે અને લોકો અને પ્રાણીઓ માટે અસ્થાયી આશ્રય શિબિરો બનાવવામાં આવે.આ સિવાય મુંબઈ પોલીસે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મુંબઈમાં સતત અને ભારે વરસાદને જોતા, નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ દરિયાકાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળે અને જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર આવે."એર ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ભારે વરસાદને કારણે, મુંબઈ જતી અને જતી ફ્લાઈટ્સને અસર થઈ રહી છે. ધીમા ટ્રાફિકને કારણે મુસાફરોને એરપોર્ટ માટે વહેલા નીકળી જવાની સલાહ આપવામાં આવે છે અને "પાણી ભરાવાને કારણે અવરજવરમાં વિલંબ થઈ શકે છે.

# હિન્દુ કેલેન્ડરનો શ્રાવણ માસ આજથી શરૂ થઈ રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભગવાન શિવને ખૂબ જ પ્રિય એવા સાવન અથવા શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે. સાવન એ હિંદુ કેલેન્ડરના સૌથી શુભ મહિનાઓમાંનો એક છે. શ્રાવણ માસના સોમવારનું અનેરું મહત્વ છે. આ દિવસને ભગવાન શિવનો દિવસ માનવામાં આવે છે. હિન્દુ ધર્મના લોકોનું માનવું છે કે શ્રાવણ મહિનામાં સોમવારે જલાભિષેક કરવાથી ભગવાન શિવને પ્રસન્ન કરી શકાય છે અને મનોકામનાઓ પૂર્ણ થાય છે.શ્રાવણ મહિનામાં ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાં સમાવિષ્ટ કાશી વિશ્વનાથ, બાબા વૈદ્યનાથ અને ઉજ્જૈન મહાકાલના દર્શન અને પૂજાની વિશેષ માન્યતા છે. શવનના પ્રથમ સોમવારે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં લાખો ભક્તો જલાભિષેક કરીને બાબાના આશીર્વાદ લઈ રહ્યા છે. સવારથી જ કાશી વિશ્વનાથ મંદિરની બહાર દેશના ખૂણે-ખૂણેથી આવેલા શિવભક્તો અને કંવરિયાઓ પર ફૂલોની વર્ષા કરવામાં આવી હતી. બાબા વિશ્વનાથની મંગળા આરતી સાથે મંદિરના દ્વાર સામાન્ય ભક્તો માટે દર્શન, પૂજા અને જલાભિષેક માટે ખોલવામાં આવ્યા હતા.શ્રાવણના પહેલા સોમવારે ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી દરમિયાન શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી હતી.

# ભૂતાનના રાજા અને પ્રધાનમંત્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી થયા અચંબિત

### સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણની ગાથા સાંભળી પ્રતિનિધિ મંડળ આશ્ચર્યચકિત






। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

ભૂતાનના રાજા શ્રી જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા પ્રધાનમંત્રી શ્રી શેરિંગ તોબગે માટે સોમવારની તેમની સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત યાદગાર બની રહી છે. ભારતના પડોશી દેશ ભૂતાનના આ બંને વડા એકતાનગર ખાતે નિર્મિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા નિહાળી અચંબિત રહી ગયા હતા. ભૂતાનના રાજા મહોદય સાથેનું પ્રતિનિધિ મંડળ આજે એકતાનગર ખાતે આવી પહોંચ્યું હતું. ભૂતાનના પારંપારિક વસ્ત્ર પરિધાનમાં આ વિદેશી મહાનુભાવોનું સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાતની ઓળખ સમા ગરબાની પ્રસ્તુતિ સાથે મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા. અહીં સર્વેને વોલ ઓફ યુનિટીની માહિતી આપવામાં આવી હતી. બાદમાં પરિસરની અંદર પ્રદર્શનોની મુલાકાત કરાવવામાં આવી હતી. અહીં ભારતની સ્વાતંત્ર્ય ગાથા અને તે બાદ ભારતની એકતા માટે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનની તલસ્પર્શી વિગતો ગાઈડ દ્વારા રજૂ કરવામાં આવી હતી. રાજા મહોદય અને પ્રધાનમંત્રીશ્રી વ્યુઈંગ ગેલેરી પહોંચ્યા હતા. ત્યાંથી મહાનુભાવોએ વરસાદી માહોલ વચ્ચે સરદાર સરોવર ડેમનો નજારો નિહાળ્યો હતો. અહીં મહાનુભાવોને સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની પશ્ચાદભૂ સમજાવવામાં આવી હતી. બાદમાં રાજા શ્રી જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂકે મુલાકાતી પોથીમાં નોંધ કરી હતી. જેમાં તેમણે સુંદર અક્ષરોમાં લખ્યું કે "ભારતને શુભકામના અને સ્મરણ." ભૂતાનના આ સર્વોચ્ચ પ્રતિનિધિ મંડળે બાદમાં સરદાર સરોવર ડેમની પણ મુલાકાત લીધી હતી. અહીં સરદાર સરોવરના કારણે ગુજરાત રાજ્યમાં પાણીની સમસ્યાના નિરાકરણની વિગતો આપવામાં આવી હતી. તે બાદ ભૂતાનના રાજા શ્રી જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા પ્રધાનમંત્રી શ્રી શેરિંગ તોબગેને માનસર વિદાય આપવામાં આવી હતી. આ મુલાકાત વેળાએ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ભૂતાનના ભારતીય રાજદૂત સુધાકર દેલેલા, ભૂતાનના ભારત ખાતેના રાજદૂત મેજર જનરલ વેતસોપ નામગ્યેલ, વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી અનુરાગ શ્રી વાસ્તવ, એસઓયુના વડા શ્રી મૂકેશ પૂરી, કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયા, સીઈઓ શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સાણંદ તાલુકાના ઉપળદળ અને રેથલ ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું મહત્વ સમજાવતી તાલીમ યોજાઈ

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદના સાણંદ તાલુકાના ઉપળદળ અને રેથલ ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિશે માહિતી અને માર્ગદર્શન આપવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. બૉસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલી આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત ગાય આધારિત ખેતી વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં ગાયોનું જતન અને ગૌમૂત્ર તથા છાણનો ખાતરમાં ઉપયોગ કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. સાથોસાથ ઘર આંગણે, વાડામાં વાવી શકાય તેવા શાકભાજીના ૧૬ પ્રકારના બિયારણની કીટનું વિતરણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદન મેળવવા માટે પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ મળે તેમ નથી. ત્યારે પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### ધંધુકા તાલુકાના ઝાંઝરકા ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની બેઠક યોજાઈ

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ઝાંઝરકા ગામે પ્રાકૃતિક કૃષિ અંગેની બેઠક યોજાઈ હતી જેમાં ગ્રામ્ય પંથકના ખેડૂતો જોડાયા હતા. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા આયોજિત આ બેઠકમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો અને ફાયદાઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગાય આધારિત ખેતી વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવી દરેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા કહ્યું હતું. પ્રાકૃતિક ખેતી અંગેની આ બેઠકમાં ૭૦ જેટલા ખેડૂતો જોડાયા હતા. જેઓને સરકારની કૃષિલક્ષી યોજનાઓ વિશે માહિતી આપી તેનો લાભ લેવા પણ જણાવ્યું હતું. આ ઉપરાંત બાગાયતી યોજનાઓ વિશે પણ વાકેફ કર્યા હતા.

### મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ દિલ્હી ખાતે આયોજિત ૪૬મી વર્લ્ડ હેરિટેજ કમિટી અંતગર્ત તૈયાર કરાયેલા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ બુથની મુલાકાત લીધી

। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત રાજ્યના પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ તાજેતરમાં દિલ્હી ખાતે આયોજિત ૪૬મી વર્લ્ડ હેરિટેજ કમિટીમાં ભાગ લીધો હતો. ૨૧ જુલાઈના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૪૬મી વર્લ્ડ હેરિટેજ કમિટીનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ વર્લ્ડ હેરિટેજ કમિટી કાર્યક્રમ અંતર્ગત દેશભરના વિવિધ હેરિટેજને લગતા બુથ તૈયાર કરવામાં આવ્યા હતા. દિલ્હીના પ્રવાસ દરમિયાન મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ ૪૬મી વર્લ્ડ હેરિટેજ કમિટી અંતર્ગત તૈયાર કરવામાં આવેલા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ લેક્સ બુથની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રવાસન મંત્રીશ્રીએ ગુજરાતના લોથલ ખાતે આકાર લઈ રહેલા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્સના કામની પ્રગતિની પ્રશંસા પણ કરી હતી.

# રેલવે સંરક્ષામાં શ્રેષ્ઠ કામ માટે ચાર રેલવે કર્મચારી સન્માનિત



। અમદાવાદ, તા.૨૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૪ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામ અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ડ્યુટી દરમિયાન તેમની સભાનતા અને સતર્કતાને કારણે અમંગળ ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કર્યા. વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું કે શ્રી બ્રિજેશ કુમાર મિશ્ર– સ્ટેશન સુપ્રિટેન્ડન્ટ અસારવા, શ્રી રાજેશ કુમાર– ફિટર અસારવા, શ્રી હિમાંશુ ભાટી–સહાયક લોકો પાયલટ સાબરમતી અને શ્રી ધારાસિંહ માલ-ફિટર પાલનપુર એ અમંગળ ઘટનાઓ જેવી કે ટ્રેક્ટર વોટર ટેક્નું આગળનું અને પાછળનું એક-એક પૈડું પ્લેટફોર્મથી ઉતરી જવા પર લોકો પાયલોટે વીએચએફ થી જ્યાં પણ ગાડી હોય ત્યાં જ રોકવા માટે કહ્યું, ઓએચઈ પર કેટલીક અસામાન્ય ધાતુ અસુરક્ષિત અવસ્થામાં છે આ નોટીસ કરી અને તરત જ લોકો પાયલોટને સૂચના આપી, લિડીંગ વ્હીલની પ્રાયમરી સ્પ્રિંગને તૂટેલી જોતાં તરત જ માહિતી પોતાના સુપરવાઈઝરને આપી અને તરત યોગ્ય કાર્યવાહી કરીને અમંગળ ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે. મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સજાગ સંરક્ષા રેલવે પહેરેદારોનો ઉત્સાહ વધાર્યો અને કહ્યું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે તથા જ્યારે રેલવે કર્મચારીઓ પોતાની ડ્યુટી દરમિયાન સભાનતા અને સતર્કતાથી કામ કરે છે તો અમને સલામત ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# ભૂતાનના રાજા અને વડાપ્રધાનનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન અમદાવાદ પધારેલા ભૂતાનના રાજા શ્રી જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા વડાપ્રધાન શ્રી શેરિંગ તોબગેનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. આ અવસરે પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન,ભારતના ભૂતાન ખાતેના રાજદૂત સુધાકર દલેલા, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી અનુરાગ શ્રીવાસ્તવ, અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી, ચીફ પ્રોટોકોલ ઑફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, અમદાવાદ કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.



સહિતના ઉચ્ચ અધિકારીઓએ મહાનુભાવોને આવકાર્યા હતા.

ભૂતાનના રાજા શ્રી જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા વડાપ્રધાન શ્રી શેરિંગ તોબગેનું અમદાવાદ એરપોર્ટ ખાતે મહાનુભાવો દ્વારા સ્વાગત કરાયા બાદ ગુજરાતની આગવી પરંપરા મુજબ ગરબા સાથે આગમનના વધામણા કરવામાં આવ્યા હતા. ગરબા અને ઢોલના નાદ સાથે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ પ્રદર્શિત કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

# ૧૪ ગુજરાતી વિદ્યાર્થીઓને બાંગ્લાદેશથી પરત લવાયા

। ગાંધીનગર, તા.૨૨ ।

બાંગ્લાદેશની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ત્યાં ફસાયેલા ગુજરાતના ૧૪ વિદ્યાર્થીઓ સહીસલાતમ પરત આવી ગયા છે. બાંગ્લાદેશમાં છેલ્લા થોડા સમયથી અનાતમના મુદ્દે વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા હતા જે હિંસક બનતા બાંગ્લાદેશમાં અભ્યાસ માટે ગયેલા ગુજરાત સહિત અન્ય રાજ્યો અને અન્ય દેશોના વિદ્યાર્થીઓ પણ પોતપોતાના રાજ્ય કે દેશમાં પરત જઈ રહ્યા છે. જોકે, ગઈકાલે ૨૧ જુલાઈએ બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટે અનામત વધારવાનો હાઈકોર્ટનો ચુકાદો રદ કરી દેતાં હિંસક ઘટનાઓમાં ઘટાડો થઈ રહ્યો છે.

દરમિયાન, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે વિદેશ મંત્રાલય સાથે હાથ ધરેલા તાત્કાલિક સંકલનને પરિણામે ગુજરાતના વિદ્યાર્થીઓ સહીસલામત વતન પરત આવી ગયા છે. બાંગ્લાદેશમાં MBBSના અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓ ત્યાં સર્જાયેલી હિંસા અને અન્ય ઘટનાઓમાંથી હેમખેમ પોતાના માતા-પિતા અને પરિવાર પાસે આવી જાય તેની વ્યવસ્થાના સંકલન માટે રાજ્યના બિન નિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને તાત્કાલિક યોગ્ય સંકલન કરવા રાજ્ય સરકારે સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીની આ સૂચનાઓના પગલે દ્રઈટ ફાઉન્ડેશનને બાંગ્લાદેશમાં ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઈન નંબર-૯૯૭૮૪૩૦૦૭૫ જાહેર કર્યો છે.

ઉપરાંત આવા વિદ્યાર્થીઓના વાલી અને પરિવારજનો તેમના પાલ્યની વિગતો આપી શકે તે માટે nrgfoundation@gujarat.gov.in – Email ID પર પણ વિગતો મંગાવવાનું શરૂ કર્યું છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારના આ પ્રો-એક્ટિવ અભિગમને પરિણામે વિદ્યાર્થીઓના વાલી-પરિવારજનોએ NRG ફાઉન્ડેશનનો સંપર્ક કરીને વિગતો આપી હતી. આ વિગતોના અનુસંધાને NRG ફાઉન્ડેશને ભારત સરકારના વિદેશ મંત્રાલય સાથે સંકલન કરીને જે ૨૫ જેટલા વિદ્યાર્થીઓનો સંપર્ક થયો હતો તેમને ગુજરાત લાવવાની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી.

# અમદાવાદ મંડળે જૂન ૨૦૨૪માં ૭૨૦ કરોડથી વધુનું રેવેન્યુ પ્રાપ્ત કર્યું





। અમદાવાદ, તા.૨૨ ।

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પોતાનું રેવેન્યુ વધારવા માટે સર્વોત્તમ સંભવિત પ્રયત્નો કરી રહ્યું છે અને તેની ગતિને જાળવી રાખી છે. મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના કુશળ નેતૃત્વમાં અમદાવાદ મંડળે જૂન ૨૦૨૪ માં ૭૨૦.૫૨ કરોડ રૂપિયાના કુલ રેવેન્યુના આંકડાને પસાર કર્યું. જે પાછલા વર્ષે જૂન ૨૦૨૩ ના ૬૭૭.૧૧ ની સરખામણીમાં ૬.૪૧% થી વધારે છે.

બિઝનેશ ડેવલપમેન્ટ યુનિટના સક્રિય માર્કેટીંગ પ્રયત્નો અને નીતિઓમાં બહોળા ફેરફારથી આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે. બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ અમદાવાદે ૨૫ જૂન ૨૦૨૪ ના રોજ પશ્ચિમ રેલવે અને પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટીના કન્ટેઈનર ટ્રેન ઓપરેટરો સાથે એક સહયોગાત્મક બેઠક આયોજિત કરી. રેલવેમાં સમગ્ર કન્ટેઈનર વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ઈનોવેટિવ બિઝનેસ આઈડીયા શેર કરવામાં આવ્યા. ડીઆરએમ અમદાવાદની અધ્યક્ષતામાં આયોજિત બેઠકમાં કોમર્શિયલ અને ઓપરેશન વિભાગના અન્ય સિનિયર અધિકારીઓએ ભાગ લીધો તથા ૩૨ કન્ટેઈનર ટ્રેન ઓપરેટરો (સીટીઓ) એ બેઠકમાં ભાગ લીધો. ડિવિઝને જૂન-૨૪ ના મહીનામાં અમદાવાદ, પાલનપુર, સામાખ્યાળી અને અસારવા સ્ટેશનો પર વિવિધ કારીગરોને ૦૪ એક સ્ટેશન એક ઉત્પાદન (ઓએસઓપી) સ્ટોલની ફાળવણી કરી જે સ્થાનિક કારીગરોને સશક્ત બનાવવા અને ક્ષેત્રમાં તેમના કામને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના પ્રયત્નો રૂપે, બીસીએન વેગનોમાં જૈવિક ખાતરની એક મિની રેકને કાંકરીયા (અમદાવાદ) થી અલિયાબાદ હોલ્ટ મોકલવામાં આવી જેનાથી ૧૯.૦૪ લાખ રૂપિયા ઉપરાંતનું રેવેન્યુ પ્રાપ્ત થયું છે તથા બીસીએન વેગનોમાં કેલ્શિયમ નાઈટ્રેટ યુરિયાના બે મિની રેક કંડલા પોર્ટથી ઉત્તર મધ્ય રેલવેના અલીગઢ અને ઉત્તર મધ્ય રેલવેના મુરાદાબાદ ડિવિઝન માટે લોડ કરવામાં આવ્યા જેનાથી ૫૩.૬૦ લાખ ઉપરાંતનું રેવેન્યુ પ્રાપ્ત થયું. બીડીયૂ પ્રયત્નો રૂપે ડિવિઝનમાં માલ લોડિંગમાં સાત નવા ગ્રાહકો જોડાયા જેમણે ૮ રેક લોડ કર્યા જેનાથી ૨.૮૪ કરોડ રૂપિયા ઉપરાંતનું રેવેન્યુ પ્રાપ્ત થયું. આ મહીનાના માલભાડાનું રેવેન્યુ રૂ. ૫૭૩.૦૨ કરોડ છે જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૯.૮૬% વધારે છે અને આ મહીનાનું યાત્રી રેવેન્યુ રૂ. ૧૩૫.૦૦ કરોડ છે જે પાછલા વર્ષની સરખામણીમાં ૨૨.૪૨% વધારે છે.

### ચાંદીપુરા વાયરસના વધતા કહેર વચ્ચે

# કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં નેશનલ હાઇવે ઓથોરિટીની ઘોર બેદરકારી સામે આવી છે

### રોડ ગટરમાં ઠેર ઠેર ગાબડાં પડ્યાં.. કોનો ભોગ લેશે ??

। (પ્રતિનિધી) થરા, તા.૨૨ ।

ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે કોરાના કોવિડ ૨૦૧૯ પછી આ વાઈરસે લોકોની ઉંઘ હરામ કરી દિધી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર,દાંતા, કાંકરેજ સહિત આ વાયરસનો પગ પેસારો થયો નિર્દોષ બાળકો ભોગ બની રહયા છે પ્રિ મોન્સુન પ્લાનના આયોજનની બેઠકમાં કાંકરેજ ધારાસભ્યે તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં બસ સ્ટેશનની બાજુમાં આવેલા નાના નાના જામપર રોડ પર છેલ્લા એક મહિનાથી નેશનલ હાઈવેની ગટર મોટું ગાબડું ભૂવો પૂર્યો પણ આજ દિવસ સુધી કોઈ નક્કર કાર્યવાહી નહી થતાં લોખંડના સળિયા ડાચું ફાડી ઊભા છે, ફૂટપાથની ગટર સફાઈ તરફ નેશનલ હાઈવે ઓથોરિટીનું ધ્યાન ગયું નથી.થરા નગરમાં નેશનલ હાઈ-વે દ્વારા એક ફૂટથી એકવીસ ફૂટ ઊંચો ઓવર બ્રિજ બનાવી બંને સાઈડમાં ગટર સાથે



સર્વીસ રોડ બનાવવામાં આવેલ પરંતુ ગટર બનાવ્યા પછી સફાઈ ઝુંબેશ ક્યારેય કરવામાં આવી નથી. સફાઈના નામે ખર્ચ થતો હશે પણ સુપરવિઝનના અભાવે ગટરના ઢાંકણાં ખોલી નાટક ભજવતા ગટરના ઢાંકણા ઠેર ઠેર તુટી ગયા છે. છતાં આજ દિવસ સુધી રિપેરિંગ કામ થતું નથી ત્યાં નાના જામપર રોડ જે ચોવીસ કલાક ઓવર લોડ રે ભરેલ ડમ્પરો દોડા દોડી કરે છે આ ગટરો કે લોખંડના સળિયાનો કોઈ વ્યક્તિ કે પશુ ભોગ બને તેની રાહ જોતું આ ભ્રષ્ટ તંત્ર ક્યારે જાગશે ? અષાઢ શ્રાવણના તહેવારોમાં આ બાબતે સ્થાનિક નેતા કાર્યકરો આ કામ કરાવશે કે પછી વિકાસની વાતો પોકળ સાબિત થઈ રહી છે. તેવું જ રહેશે.. સફાઈ ઝુંબેશ ક્યાં ?આ ગટરના ગાબડાંમાં કોઈ વૃદ્ધ બાળક કે પશુ પડશે તો ? તંત્ર કોના તહેવારો બગાડશે ? નેતાઓ કાર્યકરો પછી મગરના આંસુ સારવા દોડશે? કાંકરેજના જાગૃત ધારાસભ્ય અમરતજી ઠાકોરની રજુઆત તંત્ર કેમ સાંભળતું નથી. ચાંદીપુરા વાયરસનું કેન્દ્ર બિંદુ કાંકરેજ તાલુકામાં થરા નગરની ગટરો નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કારણે તો નહી બને ને ? ડીસા પ્રાંત અધિકારી મામલતદાર,ટીડીઓ,ચીફ ઓફિસરને સાથે રાખી કાંકરેજ ધારાસભ્ય થરા નગરના ઓવર બ્રીજની બંને સાઈડના ફૂટપાથની કાદવ કીચડથી ભરેલી ખુલી ગટરોનું નિરીક્ષણ કરી લોકોને રોગચાળાથી બચાવશે ? કાંકરેજ ધારાસભ્ય અમરતજી ઠાકોરની જાગૃતિની અવગણના કરતું તંત્ર હવે ચાંદીપુરા વાયરસ સામે જાગશે ?

# અમદાવાદમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાં ચોમાસાની સિઝન બરાબરની જામી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયાં છે. કેટલીક જગ્યાએ પાણી ઓસરતા કાદવ કીચડ જોવા મળી રહ્યો છે. ત્યારે રોગચાળાની દહેશત વધી છે. અમદાવાદમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. જુલાઈ મહિનામાં શહેરમાં ડેન્ગ્યુ સાથે ઝાડા-ઊલટી અને ટાઈફોઈડના કેસ વધ્યા છે.

AMCના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, જુલાઈ મહિનામાં ૨૧ દિવસમાં ડેન્ગ્યુના ૭૯, ઝાડા- ઊલટીના ૯૪૦, કમળાના ૨૨૮, ટાઈફોઈડના ૪૨૩ અને કોલેરાના ૩૨ કેસ નોંધાયા છે. સાદા મેલેરિયાના ૧૪, ચિકનગુનિયાના બે કેસ નોંધાયા છે. ૪૫૦૧ પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી ૧૫૫ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે. અમદાવાદમાં ચાલુ વર્ષે કોલેરાના કેસો વધ્યાં છે. શહેરમાં પીવાનું અશુદ્ધ પાણી મળતું હોવાના કારણે ઝાડા ઊલટી, કમળો, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. પ્રદૂષિત પાણી આવતું હોય ત્યાં એન્જિનિયરિંગ વિભાગને જાણ કરીને લાઈનો બદલવા માટે સૂચના આપવામાં આવી છે. ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં છેલ્લા બે મહિનાથી દાણીલીમડા, બહેરામપુરા, અમરાઈવાડી, લાંભા, જશોદાનગર અને નારોલ જેવા વિસ્તારમાં કોલેરાના કેસ સતત મળી આવી રહ્યા છે. ચાલુ વર્ષે જાન્યુઆરીથી લઈ જુલાઈ મહિના સુધીમાં ૧૫૫ જેટલા કેસ કોલેરાના નોંધાયા છે. જે વર્ષ ૨૦૨૩માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં માત્ર ૯૫ કેસો હતા. ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે ઝાડા ઉલટીના ૭કેસો પણ છેલ્લા સાત મહિનામાં વર્ષ ૨૦૨૩ કરતા વધારે જોવા મળ્યા છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨